


# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 35, Dt. 09-06-2026 (TUESDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789

**સેબીનો આરોપ** રાજેશ એક્સપોર્ટની બેહિસાબ આવક શંકાના ઘેરામાં ટ્રેકિંગ પર રોક

# ગોલ્ડ કિંગ 15 લાખ કરોડની કમાણી 'ફેક' કરનાર રાજેશ મહેતા મૂળ રાજકોટમાં રહેતા

■ સોના અને ઘરેણાનો વ્યવસાય કરતી ભારતની મોટી કંપની છે રાજેશ એક્સપોર્ટ લિ.

■ જૈન પરિવારમાં જન્મેલા રાજેશ મહેતા રાજકોટથી સોનુ લઈ જઈ બેંગલુરૂમાં વેંચતા હતા


**સિટી ન્યૂઝ@રાજકોટ**

વાત ૧૯૮૬-૮૭ની છે. રાજકોટ રહેતા જસવંતરાય મહેતા સોના-ચાંદીના દાગીનાનું કામકાજ કરે. એ બધું સમેટીને બેંગ્લુરૂ શિફ્ટ થઈ ગયા. પિતાની સાથે ધંધો કરવા તેમના બંને દીકરા રાજેશ મહેતા ને પ્રશાંત મહેતા પણ બેંગ્લુરૂ ગયા. મોટો દીકરો રાજેશ રાજકોટથી સોના-ચાંદીના દાગીના લઈ આવે ને કમિશનથી બેંગ્લુરૂ, હૈદરાબાદ, ચેન્નાઈમાં વેચે. ધંધો જોરદાર જામ્યો. બેંગ્લુરૂમાં જ ૧૯૮૯માં બંને ભાઈઓએ નાના રૂમમાં ૧૦ના સ્ટાફ સાથે કંપની શરૂ કરી. નામ રાખ્યું - રાજેશ એક્સપોર્ટ્સ. કાચા સોનાને રિફાઈન કરવાનું મુખ્ય કામ. સાઈડમાં દાગીના બનાવીને પણ વેચે.

સોનું ઓગાળવાની ગરમી વચ્ચે જોઈએ એવી ચમક આવતી નહોતી. ધીમે ધીમે કંપનીનો વ્યાપ વધ્યો. NSE અને BSEમાં લિસ્ટેડ થઈ. બધું બરાબર ચાલતું હતું ત્યાં ૧૧ માર્ચ ૨૦૨૪ના દિવસે SEBI (સિક્યોરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા.- સેબી)ને એક શેર હોલ્ડરનો ઈમેલ મળ્યો. બેંગ્લુરૂની રાજેશ એક્સપોર્ટ્સને માર્કેટમાંથી બે વર્ષથી રૂપિયા મળ્યા નથી છતાં આ કંપની ઉઘરાણી કરતી નથી.

**રાજેશ મહેતા 3,089 કરોડનો માર્કેટ કેપ : દર વર્ષે 250 ટન સોનાના ઘરેણા બનાવાની ક્ષમતા છે**

દાળમાં કાંઈક કાળું છે. સેબીએ ઈમેલને ગંભીરતાથી લીધો. બધું હોમવર્ક કર્યા પછી ૨૦ ઓક્ટોબર ૨૦૨૪એ સેબીએ બેંગ્લુરૂની ગોલ્ડ રિફાઈન કરતી કંપની રાજેશ એક્સપોર્ટ્સ સામે તપાસનો આદેશ આપ્યો. દોઢ વર્ષ તપાસ ચાલી ને હમણાં ત્રણ દિવસ પહેલા જ સેબીએ રિપોર્ટ બહાર પાડ્યો. તેમાં રાજેશ એક્સપોર્ટ્સ પર આરોપો મૂકવામાં આવ્યા. સૌથી મોટો આરોપ એ હતો કે કંપનીએ પોતાની ૧૫ લાખ ૧૫ હજાર કરોડની જાયન્ટ આવક બતાવી છે તેમાંથી ૯૭% આવક ખોટી બતાવી છે. કંપનીની આટલી આવક છે જ નહીં !! આખરે રાજકોટથી બેંગ્લુરૂ શિફ્ટ થયેલા ૬૦ વર્ષના રાજેશ મહેતાએ એવો તે ક્યો જાદુ કર્યો કે ૧૫ લાખ કરોડની જંગી આવક 'હવાઈ કમાણી' નીકળી!! આ ગૂંચને આસાન રીતે સમજીએ.




## મેયર નેહલ શુક્લનો તંત્રને કડક આદેશ
# દબાણો હટાવો : કોઈ પણ ચમરબંધી નહીં બચી શકે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા થોડા સમયથી રસ્તાઓ પર વધતા દબાણોને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ટ્રાફિક જામ અને અવરજવર માટે ઉભી થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને હવે મનપા તંત્ર એક્શનમાં આવ્યું છે. મેયર નેહલ શુકલએ અધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી દબાણ દૂર કરવા કડક સૂચનાઓ આપી છે. મેયરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, “કોઈ પણ ચમરબંધી હોય તેને છોડવામાં નહીં આવે. ભલે પછી કોઈ નેતાની ભલામણ હોય, કાયદા સામે બધા સમાન છે. મેયરે વધુમાં જણાવ્યું કે શહેરના મુખ્ય માર્ગો પર ઉભા કરાયેલા ગેરકાયદેસર દબાણો તાત્કાલિક હટાવવામાં આવે, જેથી ટ્રાફિક વ્યવસ્થા સુધરી શકે અને લોકોને આંશિક રાહત મળી શકે. શહેરમાં વધતા ટ્રાફિક અને દબાણોને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. હવે મનપા તંત્રની આ કામગીરીથી લોકોને રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.





### 40 દર્દી અને OPD 80 દેખાડવાનું કૌભાંડ ચાલી રહ્યું હતું

# આરોગ્ય કેન્દ્રમાં વિવાદાસ્પદ અલ્ટ્રામોર્ડન એજન્સીને આઉટસોર્સિંગનું કામ કોણે આપ્યું?

**'અલ્ટ્રા મોર્ડન' એજન્સી સામે તાપી, દાહોદ, ભાવનગર, મહેસાણામાં આઉટ સોર્સિંગ કર્મીઓના કરોડોના લીવ ઓન કેશ કૌભાંડના આરોપો લાગેલા છે : પોલીસ ફરિયાદની માંગ હજુ ચાલુ છે**




CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Digital Editions

Page 14

2003-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 31, Dt. 04-06-2026 (THURSDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

OPD આંકડામાં ડબલ ગેમ બહાર

## રાજકોટ આરોગ્ય કેન્દ્રમાં ગોટાળો તપાસ કરી 40 દર્દીની, રેકોર્ડમાં 80?

ઓનલાઈન દર્દીના નામ ચઢાવવામાં આવે છે પછી એક મહિના પહેલા આવેલા દર્દીઓના નામ પણ મૂકવામાં આવે છે

### સ્ટાફ પોતાની રીતે ગોઠવણી કરે છે ?

સિટી ન્યૂઝ@રાજકોટ

### શક્ય કારણો

રિપોર્ટમાં વધુ કામ બતાવવા માટે

OPD (દર્દીઓની સંખ્યા) વધુ બતાવીને ઉપરના અધિકારીઓને બતાવાય છે કે કેન્દ્રમાં વધુ દર્દીઓ આવે છે, જેથી કામગીરી સારી દેખાય.

બજેટ અને ફંડ મેળવવા માટે

વધુ દર્દી બતાવવાથી ભવિષ્યમાં વધુ દવાઓ, સ્ટાફ અથવા ફંડની માંગણી સરળ બને છે.

પરફોર્મન્સ પ્રેશર

સ્ટાફ પર વધુ કામ બતાવવાનો દબાણ હોઈ શકે છે, જેથી તેઓ આંકડા વધારી બતાવે.

રેકોર્ડમાં ગોટાળો

યોગ્ય સિસ્ટમના અભાવે અથવા બેદરકારીથી જૂના નામો ફરી ઉમેરવામાં આવતા હોય.

ભ્રષ્ટાચારની સંભાવના

દવાઓના ઉપયોગ, બિલિંગ અથવા અન્ય ફાયદા માટે આંકડાઓમાં હેરફેર થતી હોઈ શકે છે.

## અલ્ટ્રા મોર્ડન સામે 6 કરોડથી વધુ રકમ પચાવી પાડવાનો આરોપ છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રોમાં ગંભીર ગડબડીઓ સામે આવી રહી છે. OPD કેસો વધારવા માટે "જબરું સેટિંગ" ચાલતું હોવાના આક્ષેપો વચ્ચે હવે આઉટસોર્સિંગ કોન્ટ્રાક્ટને લઈને પણ મોટો વિવાદ ઊભો થયો છે.,સૂત્રો મુજબ, મહાપાલિકા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં વાસ્તવિક OPD માત્ર ૩૫ જેટલી હોય છતાં, આ આંકડો ૮૦ સુધી બતાવવામાં આવી રહ્યો છે. આ આંકડાઓમાં થયેલી ગેરરીતિ તંત્રની વિશ્વસનીયતા પર સીધો સવાલ ઉભો કરે છે.

આ બધાની વચ્ચે "અલ્ટ્રા મોડર્ન અર્જન્સી" નામની એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ એજન્સી પર અગાઉ તાપી, દાહોદ અને ભાવનગરમાં પણ કૌભાંડના આરોપો લાગી ચૂક્યા હોવા છતાં રાજકોટમાં તેને કામ આપવાનું નિર્ણય સવાલો ઊભા કરે છે.

ચોંકાવનારી બાબત એ પણ છે કે, જે કર્મચારી સિટી ન્યૂઝને સાચી માહિતી આપવા તૈયાર નહોતો, તેને કંપની દ્વારા કઢી મુકવામાં આવ્યો હોવાના આક્ષેપો છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે અંદરખાને કંઈક મોટું દબાણ અને ગોટાળો ચાલી રહ્યો છે.




કર્મચારીઓએ પણ આક્ષેપ કર્યો છે કે કંપની સમયસર પગાર ચૂકવવામાં પણ ઠાગાઠૈયા કરી રહી છે. એટલે કે એક તરફ OPDના આંકડા ફુલાવીને ગેમ રમાઈ રહી છે, અને બીજી તરફ કર્મચારીઓ સાથે અન્યાય. મોટો સવાલ એ છે આરોગ્ય અધિકારીએ આ કંપનીને કયા આધારે કોન્ટ્રાક્ટ આપ્યો? શું ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા રાખવામાં આવી હતી કે પછી કોઈ "સેટિંગ" કામ કરી ગયું?

આ સમગ્ર મામલે હવે તપાસની જરૂરિયાત છે. OPDના આંકડાઓની સ્વતંત્ર ઓડિટ થાય. આઉટસોર્સિંગ કોન્ટ્રાક્ટની પારદર્શક તપાસ થાય. કર્મચારીઓના શોષણ સામે કડક પગલાં લેવાય અને સૌથી મહત્વપૂર્ણ દર્દીઓને મળતી સારવારની ગુણવત્તા ચકાસવામાં આવે. હાલની સ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે આરોગ્ય કેન્દ્રોમાં સારવારના નામે "લૂંટ" ચાલી રહી છે. હવે જો તંત્ર તાત્કાલિક કાર્યવાહી નહીં કરે, તો આ મુદ્દો વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

## આરોગ્ય અધિકારીએ દારૂડિયાને રેલનગર આરોગ્યમાં નોકરીએ રાખ્યો



**સાહિલ ખોખર સિવિલ હોસ્પિટલમાં દારૂ પીતા પકડાયા હતા**

રાજકોટ મનપા આરોગ્ય અધિકારીને જબર જ છે સાહિલ ખોખર અગાઉ સિવિલ હોસ્પિટલમાં દારૂ પીતા પકડાય ચૂક્યા છે તે વીડિયો પણ વાયરલ થતાં સિવિલ તંત્રએ સાહિલ ઉપર ગંભીર પ્રકારના પગલાં લીધા હતાં મેડિકલ ઓફિસરે સિવિલની નોકરી છોડતા આરોગ્ય અધિકારીએ આઉટસોર્સિંગની કંપનીને ભલામણ કરી દારૂડિયા મેડિકલ ઓફિસર રેલનગરની આરોગ્ય કેન્દ્રમાં ઉચ્ચા પગારે મેડિકલ ઓફિસર બનાવી દીધો.




# OBC કેટેગરીનો પુત્ર મહેસુદ વિભાગમાં રેવન્યુ તલાટી મોરબી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિજ્ઞાન અને કુદરતના નિયમો પણ ટૂંકા પડે અને કાયદાના લીરેલીરા ઊડી જાય તેવી અદભુત જાદુગરી ગુજરાતના વહીવટી તંત્રમાં જોવા મળી રહી છે. જ્ઞાતિ લોહીથી નક્કી થાય છે કે લોભથી? તેવો સણસણતો સવાલ અત્યારે ગુજરાતના શિક્ષિત અને દિવસ-રાત મહેનત કરતા યુવાનો પૂછી રહ્યા છે.મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના વસુંધરા ગામના એક જ પરિવારના બે સગા ભાઈઓએ જુદી-જુદી અનામત કેટેગરીનો લાભ મેળવીને સરકારી નોકરીઓ અંકે કરી હોવાનો સજ્જડ દસ્તાવેજી પુરાવા સાથેનો પર્દાફાશ થયો છે.બે ભાઈઓ, બે અલગ કેટેગરીઃ કઈ રીતે? મળતી માહિતી અને સત્તાવાર દસ્તાવેજો અનુસાર, મોજે વસુંધરાના રેવાભાઈ હમીરભાઈ સરસૈયાના બે પુત્રો સરકારી રેકોર્ડ પર અલગ-અલગ જ્ઞાતિ ધરાવે છે. મોટો ભાઈ હરેશ રેવાભાઈ સરસૈયા વર્ષ ૨૦૧૫-૧૬ની ભરતીમાં SEBC (OBC) કેટેગરી હેઠળ મહેસૂલ વિભાગમાં રેવન્યુ તલાટી તરીકે પસંદગી પામ્યા (હાલ મોરબી ખાતે ફરજ પર). નાનો ભાઈ નવઘણ રેવાભાઈ સરસૈયા આ ભાઈ સીધા જ ST (અનુસૂચિત જનજાતિ - આદિવાસી) કેટેગરીનું પ્રમાણપત્ર મેળવીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં જુનિયર ક્લાર્ક (જાહેરાત ક્રમાંકઃ- ૨૭/૨૦૨૩-૨૪) તરીકે સિલેક્ટ થઈ ગયા!નથી આ પરિવાર ઉમરગામથી અંબાજી પટ્ટીનો કે નથી ગીર, બરડો કે આલેચ વિસ્તારનો, છતાં નાનો ભાઈ કાગળ ઉપર 'આદિવાસી' બની ગયો. શું આ કોઈ નવો જિનેટિક ચમત્કાર છે કે પછી જે ભરતીમાં જે કેટેગરીનું મેરિટ નીચું અટકે, તે કેટેગરીનું બોગસ સર્ટિફિકેટ સેટ કરી લેવાનું સુનિયોજિત કૌભાંડ? ૧૫ વીઘા જમીન અને ઘરમાં તલાટીનો પગાર, છતાં મનરેગામાં 'મજૂર'! મામલતદાર કચેરીની ડિજિટલ સાઈનવાળો વસુંધરા ગામનો ગામ નમૂનો ૮-અ (ખાતા નંબરઃ ૪૮) આ સમગ્ર મામલામાં કૌભાંડનો સૌથી મોટો પુરાવો છે. આ દસ્તાવેજ મુજબ આ પરિવાર પાસે ૪ સર્વે નંબરો મળીને કુલ ૫-૭૯-૭૧ હેક્ટર એટલે કે આશરે ૧૪ થી ૧૫ વીઘા ખેતીલાયક સંયુક્ત જમીન છે, જે કાયદાની નજરમાં તેમને 'મોટા ખેડૂત' બનાવે છે. હિન્દુ વારસાઈ ધારા મુજબ બંને ભાઈઓ આ જમીનના સંયુક્ત વારસદાર છે અને પિતા એક જ છે, જેથી બંનેની જ્ઞાતિ અલગ હોઈ જ ન શકે. ઘરમાં વર્ષ ૨૦૧૫થી એક ભાઈ ક્લાસ-૩ રેવન્યુ તલાટી તરીકે સરકારી પગાર મેળવે છે અને ૧૫ વીઘા જમીન છે, છતાં આ પરિવારે ગરીબ શ્રમિક બનીને વસુંધરા ગ્રામ પંચાયતમાં વ્યક્તિગત જમીન પર મનરેગા (MGNREGA) ના કામોના લાભો લેવા અરજીઓ કરી! આશ્ચર્યની વાત એ છે કે મનરેગાના ફોર્મમાં પણ નાનો ભાઈ નવઘણ પોતાની જ્ઞાતિ ST દર્શાવે છે અને બાકીના ભાઈઓ OBC દર્શાવે છે! સરકારી તિજોરીમાંથી નાણાં પડાવવા આ આખું તરકટ રચાયું હોવાના આક્ષેપો છે.આ મામલો માત્ર નોકરી પૂરતો સીમિત નથી. આ કૌભાંડ કેટલું પૂર્વયોજિત હતું તેનો પુરાવો એ છે કે ફેબ્રુઆરી ૨૦૨૧માં નવઘણ રેવાભાઈ સરસૈયાએ આ જ બોગસ ST પ્રમાણપત્રના આધારે વાંકાનેર તાલુકા પંચાયતની ૧-અરણીટીંબા બેઠક (જે અનુસૂચિત જનજાતિ માટે અનામત હતી) પરથી ચૂંટણી પણ લડી હતી.

# આરોગ્ય વિભાગનો સરકારી હોસ્પિટલોને પરિપત્ર

# આઉટસોર્સિંગ કર્મીઓ પાસેથી હિસાબનો 'વહીવટ' સત્તા છીનવાઈ...

## નાણાંકિય ગોટાળાઓ થતા હોવાની ફરિયાદો બાદ કડક નિર્ણય લેવાયા




## હવે જવાબદારી સીધી અધિકારીઓ પર !

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આઉટસોર્સિંગ તેમજ કરાર આધારિત કર્મચારીઓ સાથે જોડાયેલી હિસાબી કામગીરી અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક વહીવટી નિર્ણય લીધો છે. વિભાગે સત્તાવાર આદેશ જારી કરીને સ્પષ્ટ કર્યું છે કે, વર્ગ–૩ અને ૪ના આઉટસોર્સિંગ તથા કરાર આધારિત કર્મચારીઓને હવેથી કોઈપણ પ્રકારની હિસાબી કે નાણાકીય જવાબદારી સોંપવામાં આવશે નહીં. આ સાથે જ, અગાઉ આવા કર્મચારીઓને સોંપવામાં આવેલી તમામ નાણાકીય કામગીરીઓ પણ તાત્કાલિક અસરથી પરત ખેંચી લેવા કડક સૂચના આપવામાં આવી છે.

આરોગ્ય વિભાગના તાજેતરના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની અનેક સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાં આઉટસોર્સિંગ કર્મચારીઓ પાસેથી હિસાબી કામગીરી લેવામાં આવતી હોવાની ગંભીર બાબત સરકારના ધ્યાન પર આવી હતી. બિન–કાયમી કર્મચારીઓ પાસે સરકારી નાણાંનો હિસાબ રાખવાની આ સ્થિતિને કારણે ભવિષ્યમાં મોટી નાણાકીય ગેરરીતિ, હિસાબી ભૂલો અથવા ઓડિટ સંબંધિત ગંભીર વહીવટી પ્રશ્નો ઊભા થવાની પૂરી શક્યતા હતી, જેને રોકવા માટે આ મોટો નિર્ણય લેવાયો છે.

### ભૂલ કે ઉચાપત થશે તો સંસ્થાના વડાની સીધી જવાબદારી

નવા પરિપત્ર અનુસાર, જો કોઈપણ સરકારી આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં નાણાકીય ગેરરીતિ અથવા હિસાબી પ્રક્રિયામાં કોઈ ખામી સર્જાશે, તો તેની સીધી અને સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થાના વડા અથવા કચેરીના વડાની રહેશે. આથી જ જવાબદારીમાંથી બચવા અને પારદર્શિતા જાળવવા માટે આવા હંગામી કર્મચારીઓને નાણાકીય સત્તા સોંપવા પર કડક મનાઈ ફરમાવવામાં આવી છે.

### વિશેષ સંજોગોમાં મંજૂરી ફરજિયાત

પરિપત્ર મુજબ, જે આઉટસોર્સિંગ કે કરાર આધારિત કર્મચારીઓ હાલમાં હિસાબી કામગીરી સંભાળી રહ્યા છે, તેમની પાસેથી આ ચાર્જ તાત્કાલિક ધોરણે પાછો મેળવીને માત્ર નિયમિત સરકારી કર્મચારીઓને જ સોંપવાનો રહેશે. જો કોઈ હોસ્પિટલમાં સ્ટાફની અછત જેવા અનિવાર્ય સંજોગો ઊભા થાય અને આવી કામગીરી સોંપવી જ પડે, તો તે પહેલાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સક્ષમ અધિકારીની લેખિત અને ફરજિયાત મંજૂરી મેળવવાની રહેશે. વિભાગે રાજ્યની તમામ સિવિલ હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સંબંધિત કચેરીઓને આ આદેશનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપ્યો છે.



### જનરલ બોર્ડ બોલાવાની ઘડિયાળ શરૂ

# રાજકોટ મહાપાલિકાની સમિતિઓના ચેરમેનના નામો ફાઈનલ : જાહેરાત બાકી

## ફાયર સમિતિમાં કિરણ માંકડિયા, રસીલાબેન, મિતલબેન લાઠિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં પાંચ પદાધિકારીઓની નિમણૂક બાદ હવે સમિતિમાં કોણ કોણ ચેરમેન બનશે તેની અટકળો શરૂ થઈ હતી. જેને લઈને આજે ગાંધીનગર મળેલી બેઠકમાં ૧૨ નામ ફાઈનલ થયા છે. આ પૈકી ફાયર સમિતિમાં મહિલા કોર્પોરેટરને જ ચેરમેન બનાવાશે તેવું નક્કી થઈ ગયું છે.

સમિતિઓ નક્કી કરવા માટે મનપાના પાંચેય પદાધિકારીઓ, શહેર ભાજપ પ્રમુખ અને ત્રણેય મહામંત્રી તેમજ ધારાસભ્યો ગાંધીનગર પહોંચ્યા હતા. અહીં સમિતિઓના ચેરમેન માટે નામ મુકાયા છે. ૧૫ સમિતિ પૈકી ૧૨ સમિતિના નામ નક્કી થઈ ગયા છે.


જેમાં સમાજ કલ્યાણ સમિતીમાં સાંસદ પરસોત્તમ રૂપાલાના અંગત એવા મનીષ ભટ્ટનું નામ આગળ ચાલી રહ્યું છે. જ્યારે બાંધકામ સમિતિ માટે અશ્વિન ભોરણિયાને સ્થાન મળે તેવી શક્યતા છે.

આ સિવાયના નામોમાં કીર્તિબા રાણા, મિતલબેન લાઠિયા, પરેશ ઠાકર, મનીષ ભટ્ટ, નિલેશ હેરભા, કિરણબેન માકડિયા,અશ્વિન ભોરણિયા, કિરણબેન હરસોડા, ડો. રિંકલ મેઘાણી, રસીલાબેન સાકરિયા, ભારતીબેન પરસાણા અને સોનલબેન સેલારાના નામ ચાલી રહ્યા છે.

હજુ ત્રણ નામ નક્કી કરવાના બાકી છે. ટૂંક સમયમાં જનરલ બોર્ડ બોલાવીને સમિતિનું ગઠન કરાશે અને ત્યારબાદ સમિતિઓની બેઠક બોલાવીને ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી પણ કરી દેવાશે.

રાજકોટ મહાનગરપાલિકામાં કોઈપણ નિર્ણય શાસક પક્ષને લેવાનો હોય કે પછી કોઇ બેઠક મળતી હોય છે. તે પહેલા સંકલનની બેઠક મળે છે જેમાં શહેર પ્રમુખ, મહામંત્રીઓ હોય છે અને પદાધિકારીઓ અને કોર્પોરેટર હોય છે. ભાજપ શહેર પ્રમુખ જે નિર્ણય કરે તે જનરલ બોર્ડ અને સ્ટેન્ડિંગ કમિટીમાં માન્ય રાખવાનો હોય છે. જો કે હવે સંકલનની આ બેઠકની પરીભાષા પ્રદેશે બદલાવી નાખી છે. સંકલનની બેઠક હવે સંગઠન એટલે શહેર ભાજપના હોદ્દેદારો નહિ હોય.

## કોણ બનશે સમિતિના ચેરમેન


મનીષ ભટ્ટ


અશ્વિન ભોરણીયા


કીર્તિબા રાણા


મીતલ લાઠીયા


પરેશ ઠાકર


નિલેશ હેરભા


કિરણ માંકડીયા


કિરણ હરસોડા


ડો.રીંકલ મેઘાણી


રસીલાબેન સાકરીયા


ભારતીબેન પરસાણા


સોનલબેન સેલારા

## ગરબામાં સ્પોન્સરશિપના નામે 4.75 કરોડની છેતરપિંડી

# ‘ઠગે’ કિર્તીદાનને મૂર્ખ બનાવ્યા !

## 3.32 કરોડની

## સ્પોન્સરશીપના બહાને 1.5ના VIP પાસ મેળવ્યા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

શહેરના સરખેજ પોલીસ સ્ટેશનમાં ઠગ અનિલ વિભાણી વિરૂદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. આ ઠગે નવરાત્રિમાં લોક કલાકાર કિર્તીદાન ગઢવીના નોરતા નગરી નામથી યોજાયેલા ગરબા ઈવેન્ટમાં સ્પોન્સરશીપનું કામ લીધું હતું. જેના બદલામાં ૧.૫ કરોડના VIP પાસ મેળવ્યા હતા.અનિલ વિભાણીએ સ્પોન્સરશીપ ન લાવી આપી અને પાસની રકમ મળેવી કૂલ ૪.૭૫ કરોડની છેતરપિંડી આચરી હતી. જે અંગે સરખેજ પોલીસે અનિલ વિભાણી સામે વધુ એક ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે, નોરતા નગરીના આયોજક કિર્તીદાન ગઢવી હતા અને આ ઈવેન્ટનું મેનેજમેન્ટ અર્જૂનભાઈ ભુતિયા કરતા હતા. તેમણે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.બોપલમાં રહેતા અર્જૂનભાઈ ભુતિયા ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરે છે. વર્ષ ૨૦૨૫માં નવરાત્રિ પહેલા તેમની અનિલ વિભાણી સાથે મુલાકાત



થઈ હતી. અનિલે પોતે મોટી ઈવેન્ટોનું કામ કરતો હોવાની વાત કરી હતી. સાથે વર્ષ ૨૦૨૫માં નવરાત્રિમાં ગરબાનું આયોજન કરીને મોટી ઈવેન્ટ કરવાની વાત અર્જૂનભાઈને કરી હતી. અર્જૂનભાઈ પણ ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતા હોવાથી તેમણે એસપી રિંગરોડ પર ગોપાલ ફાર્મમાં કિર્તીદાન ગઢવીના નોરતા નગરી નામથી ગરબાનું આયોજન કરવાની વાત કરી હતી.

અનિલ વિભાણીએ આ ઈવેન્ટમાં કામ કરવાની ઈચ્છા દર્શાવી હતી અને અર્જૂનભાઈને પોતાની સાથે રાખવા અરજ કરી હતી. આ સાથે અનિલે ૩.૨૫ કરોડની સ્પોન્સરશીપ લાવી આપવાનો પણ વાયદો કર્યો હતો. જેથી અર્જૂનભાઈ સહમત થયા હતા અને ૧૨ કરોડનો ખર્ચ કરીને જાહેરાત, માર્કેટિંગ અને વીઆઈપી સુવિધાનું આયોજન કર્યું હતું. અર્જૂનભાઈએ ૧.૫ કરોડની કિંમતના VIP પાસ અને ટિકિટો પણ અનિલ વિભાઈને આપી હતી.જોકે, ઈવેન્ટ દરમિયાન અનિલ વિભાણીએ ૩.૨૫ કરોડની સ્પોન્સરશીપ ન લાવી આપી અને ૧.૫ કરોડની કિંમતના VIP પાસ અને ટિકિટોની રકમ મેળવી કુલ રૂપિયા ૪.૭૫ કરોડની રકમ અર્જૂનભાઈને આપી નહોતી. અર્જૂનભાઈએ ઉઘરાણી કરતા અનિલ વિભાણીએ ડિસેમ્બર સુધીનો સમય માંગ્યો હતો. બાદમાં તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ગત એપ્રિલ માસમાં અર્જૂનભાઈને જ્યારે અનિલ વિભાણી મળ્યો ત્યારે તેણે પૈસા ન આપવાનું કહીને મારી નાખવાની ધમકી આપી હતી.



## ઠગ અનિલ વિભાણી અને તેની પત્ની વીમીએ 15 લોકોને શિકાર બનાવી રૂપિયા 20 કરોડ પડાવી લીધા


સિટી ન્યૂઝ Rajkot 06

ટેક્સના પૈસા ક્યાં જાય છે ? રાજકોટમાં દુષિત પાણીનો સિલસિલો યથાવત

હદ થઈ ગઈ; રાજકોટમાં પીવાનું પાણી નહીં, સીધુ ઝેર!

પાણીના નમૂના સતત નિષ્ફળ જવાબદાર કોણ?

મહાપાલિકાનો શરમજનક કાંડ : ટેક્સ લઈને લોકોને ઝેર પીવડાવે છે

AI IMAGE

આ છે રાજકોટ મોડલ ?

આરોગ્ય સાથે ખૂલ્લો ખેલ : મનપા બેફામ

ક્યા વિસ્તારોમાં પાણી દૂષિત મળ્યું?

અગાઉ પણ 13 મેના રોજ સિટી ન્યુઝ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ અહેવાલ



## નગ્ન હકીકત; નળમાં પાણી નહીં, બેક્ટેરીયા, મનપા જ આપી રહી છે રોગ

# દુષિત પાણીકાંડ !




## એક વાર, બે વાર અને ત્રીજી વાર પાણીના નમૂના ફેલ તો પણ તંત્ર કે શાસકોના પેટનું પાણી હલતું નથી

## લોકોના આરોગ્ય ઉપર મોટું સંકટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં ક્લોરિનયુક્ત અને શુદ્ધ પાણી વિતરણ કરવામાં આવતું હોવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ એક માસ બાદ ફરી વખત અનેક વિસ્તારોમાં બેક્ટેરિયા યુક્ત પાણી વિતરણ કરવામાં આવ્યું છે. હાલમાં મનપાએ લીધેલા અને ગત માસે લીધેલા ૮૨૧૪ પાણીના નમૂનાઓનો રિપોર્ટ આવ્યો છે. જે પૈકી કેટલાક વિસ્તારોમાં વિતરણ કરાતું પાણી દૂષિત હોવાનું બહાર આવ્યું છે.ખાસ કરીને વેસ્ટ, ઈસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં ૩ વોર્ડમાં લેવાયેલા પાણીના નમૂનાઓ પૈકી ૬ સ્થળે બેક્ટેરિયાની હાજરી મળતા પાણીજન્ય રોગચાળો વકરે તેવી શક્યતા છે.મહાનપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો મુજબ તંત્રએ શહેરના ત્રણ ઝોન વેસ્ટ, સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાંથી કુલ ૮૨૧૪ નમૂનાઓ લેવામાં આવ્યા હતા.તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં વેસ્ટ ઝોનમાંથી લેવાયેલા ૩૨૨૦ બેક્ટેરિયોલોજિકલ નમૂનાઓમાંથી ૩ સ્થળે પાણીમાં બેક્ટેરિયા મળી આવ્યા છે. તેવી જ રીતે સેન્ટ્રલ ઝોનમાં લેવાયેલા ૨૨૦૮ નમૂના પૈકી ૨ સ્થળે અને ઈસ્ટ ઝોનના ૧ નમૂના ફેલ ગયા છે. આમ, શહેરના કુલ ૬ જેટલા સ્થળોએ પાઈપલાઈન મારફતે પહોંચતું પાણી પીવાલાયક નહીં હોવાનું સાબિત થયું છે. જણાવ્યા અનુસાર, ઉનાળા દરમિયાન પાણીની પાઈપલાઈનમાં લીકેજ અથવા ફિલ્ટર પ્લાન્ટમાં ખામી સર્જાવાથી બેક્ટેરિયાનું પ્રમાણ વધવાની શક્યતા રહે છે. જો ક્લોરિનેશન યોગ્ય માત્રામાં ન કરવામાં આવે તો આ પાણી રોગચાળાનું મુખ્ય કારણ બને છે.રાજકોટ જેવા મહાનગરમાં જ્યાં લાખો લોકો મનપાના પાણી પર નિર્ભર છે, ત્યાં આ પ્રકારની બેદરકારી ગંભીર સ્વાસ્થ્ય કટોકટી સર્જી શકે તેમ છે. હાલમાં જ્યારે ૬ સ્થળે બેક્ટેરિયા મળી આવ્યા છે, ત્યારે તંત્રએ યુદ્ધના ધોરણે જે-તે વિસ્તારોની પાઈપલાઈન ચેક કરવી જોઈએ અને ક્લોરિનનું પ્રમાણ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ.સમગ્ર મામલે મહાપાલિકાના વોટર વર્ક્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, જે વિસ્તારોમાં નમૂના ફેલ ગયા છે ત્યાં તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે.

## તંત્રી લેખ



### મેયરના વોર્ડમાં પાણીમાં જ બેક્ટેરિયા બોલો

# રાજકોટ મહાપાલિકા પાણી નહીં, ઝેર વહેંચે છે?

### સિસ્ટમ નિષ્ફળ; એક પણ નમૂનો ફેલ થવો એ પણ જન આરોગ્ય માટે એલાર્મ છે!

શહેર જે રાજકોટ વિકાસના દાવા કરે છે, ત્યાં લોકોના ઘરમાં નળમાંથી “જીવન” નહીં પણ “રોગ” વહે છે! મેયરના પોતાના વોર્ડમાં જ દૂષિત પાણી મળે આ કરતાં મોટી વિસંગતિ શું હોઈ શકે?

વોર્ડ નં. ૭, ૪, ૮ અને ૬માં બેક્ટેરિયાથી ભરેલું પાણી મળી રહ્યું છે. મનપા દ્વારા ૧૮ વોર્ડમાં લેવામાં આવેલા ૮૨૧૪ સેમ્પલમાંથી ૬ ફેલ આ આંકડો નાનો લાગે, પરંતુ હકીકતમાં આ સિસ્ટમની સંપૂર્ણ નિષ્ફળતાનો પુરાવો છે. કારણ કે એકપણ નમૂનો ફેલ થવો એ પણ જન આરોગ્ય માટે એલાર્મ છે! મુખ્ય પ્રશ્ન એ છે શું મનપા હવે લોકોના સ્વાસ્થ્ય સાથે જુગાર રમી રહી છે?

ભૂર્ગભ ગટરના ગંદા પાણીનું પીવાના પાણીમાં મિશ્રણ થવું એ કોઈ “નાની ટેકનિકલ ખામી” નથી, આ તો સીધી રીતે બેદરકારી અને બેદરકાર શાસનની નિશાની છે. શું આ માટે કોઈ જવાબદાર નથી? શું કોઈ અધિકારી કે નેતા સામે કાર્યવાહી થશે કે પછી હંમેશાની જેમ “જાંચ”ના નામે મામલો દબાવી દેવાશે?



● તંત્રી ●
અનિરુદ્ધ નકુમ

વોટર વર્ક્સ વિભાગ લોકો પાસે અપીલ કરે છે કે “ગંદું પાણી આવે તો જાણ કરો” પરંતુ પ્રશ્ન એ છે કે લોકો કેમ જાણ કરે? શું મનપા પાસે પોતાનું કોઈ મોનીટરીંગ સિસ્ટમ નથી? શું લોકો હવે પોતે જ લેબોરેટરી બની જાય? આ ઘટના માત્ર એક વોર્ડ કે થોડા સેમ્પલની નથી આ સમગ્ર સિસ્ટમના પતનનું ચિત્ર છે.

જો આજે નળમાંથી ગંદું પાણી આવે છે, તો કાલે હોસ્પિટલોમાં દર્દીઓની લાઈનો વધશે. ડાયરીયા, ટાઈફોઈડ, કોલેરા જેવા રોગો ફેલાવાનું જોખમ છે. ત્યારે જવાબદારી કોણ લેશે? હવે સમય છે જવાબ માંગવાનો.

મનપા તંત્ર તરત જ સમગ્ર પાણી પુરવઠાની તાત્કાલિક તપાસ કરે. ગટર અને પાણી લાઈનોની લીકિજ બંધ કરે. જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરે અને સૌથી મહત્વપૂર્ણ જનતાને શુદ્ધ અને સુરક્ષિત પાણીની ગેરંટી આપે. નહીંતર આ માત્ર “પાણી”નો પ્રશ્ન નહીં રહે આ જનવિશ્વાસના સંપૂર્ણ પતનનો મુદ્દો બની જશે. રાજકોટની જનતા હવે મૌન નહીં રહે. કારણ કે પ્રશ્ન એક જ છે “પાણીમાં ઝેર કેમ?”

### હેલ્થ ☛ ખાવાનું બેલેન્સ કરો : રોગ ભાગશે

# ડાયાબિટીસ દર્દી કાર્બોહાઈડ્રેટ્સ વધુ લે છે પ્રોટિન ફાઈબર ઓછું

આપણા ભારતીય ઘરોમાં દાળ, રોટલી, શાક અને ભાત વગરનું ભોજન અધૂરું મનાય છે. વર્ષોથી ચાલી આવતી આ ખાણીપીણીની પરંપરા હવે ડૉક્ટર્સ અને હેલ્થ એક્સપર્ટ્સના મતે ચિંતાનો વિષય બની છે. ભારત પહેલેથી જ ડાયાબિટીસના દર્દીઓથી ભરેલો દેશ છે, ત્યારે એક જ થાળીમાં વધુ પડતા કાર્બોહાઈડ્રેટ્સ (જેમ કે રોટલી અને ભાત એકસાથે) ખાવાની આદત બ્લડ સુગર અને સ્થૂળતા વધારી શકે છે.

જોકે, નિષ્ણાતો એવું બિલકુલ નથી કહેતા કે તમારે રોટલી કે ભાત ખાવાનું બંધ કરી દેવું જોઈએ, પરંતુ સાચી જરૂરિયાત એ છે કે તમારી થાળીમાં પ્રોટીન અને ફાઈબરનું યોગ્ય સંતુલન જાળવવામાં આવે. જયપુરની સીકે બિરલા હોસ્પિટલના સિનિયર ડાયેટિશિયન દિવ્યા જૈન સમજાવે છે કે, અસલી સમસ્યા દાળ, રોટલી કે ભાત ખાવાની નથી, પરંતુ તમે તેને કેટલી માત્રામાં અને કેવી રીતે ખાઓ છો તેની છે. ભારત ડાયાબિટીસનું હબ બની રહ્યું છે, તેથી ડૉક્ટર્સ હવે આપણી ખાવાની રોજિંદી આદતો પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે.



આજે સૌથી મોટી ભૂલ એ થઈ રહી છે કે આપણી થાળી કાર્બોહાઈડ્રેટ્સથી છલોછલ ભરેલી હોય છે, પરંતુ તેમાં પ્રોટીન અને ફાઈબર નામમાત્રના હોય છે. લોકો ૨ કે ૩ રોટલીની સાથે ભાતનો મોટો વાટકો ખાઈ લે છે. તેની સામે પનીર, દહીં, ઈંડા, માછલી, ચિકન કે દાળ જેવા પ્રોટીનયુક્ત ખોરાક બહુ ઓછા પ્રમાણમાં લેવાય છે. શાકભાજી (ફાઈબર) નો ઉપયોગ માત્ર સ્વાદ પૂરતો 'સાઈડ ડિશ' તરીકે જ થાય છે.

#### કોના માટે નુકસાનકારક બની શકે છે ગુજરાતી થાળી?

સામાન્ય ભારતીય થાળીમાં મોટાભાગે ભાત, રોટલી, બટાકાનું શાક, દાળ અને મીઠાઈ હોય છે. આ બધી જ વસ્તુઓ કાર્બોહાઈડ્રેટ્સથી ભરપૂર હોય છે. જ્યારે તમે એક જ ભોજનમાં આટલા બધા કાર્બોહાઈડ્રેટ્સ લો છો, ત્યારે શરીર પર 'ગ્લુકોઝનો લોડ' અચાનક વધી જાય છે. જે લોકોને પહેલાથી જ પ્રિ-ડાયાબિટીસ, ડાયાબિટીસ, સ્થૂળતા (વધારે વજન), હાઈ બ્લડ પ્રેશર અથવા ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સની સમસ્યા છે, તેમના માટે આ પ્રકારની થાળી જોખમી સાબિત થઈ શકે છે.

### જ્યોતિષશાસ્ત્ર ☛ જૂતા શનિગ્રહ અને કુંડળિના દસમાં ઘર સાથે સંકળાયેલા છે

# બીજા કોઈના જૂતા પહેરવાથી નકારાત્મક ઉર્જા તમારામાં પ્રવેશી શકે?

ધાર્મિક નિષ્ણાતોના મતે, જૂતા સંબંધિત ભૂલો નાણાકીય મુશ્કેલીઓ, માનસિક તણાવ અને જીવનમાં અવરોધો તરફ દોરી શકે છે. જો તમે દરરોજ જૂતા-ચંપલ પહેરતી વખતે ચોક્કસ ભૂલો કરી રહ્યા છો, તો આને ચેતવણી તરીકે ધ્યાનમાં લો. ચાલો આ ભૂલોનું વિગતવાર અન્વેષણ કરીએ. જ્યોતિષશાસ્ત્રમાં, જૂતા શનિ ગ્રહ અને કુંડળીના દસમા ઘર સાથે સંકળાયેલા છે.

■ શનિ એ ગ્રહ છે જે વ્યક્તિના કાર્યોનું ફળ આપે છેઃ તેથી, તમારા જૂતાની સ્થિતિ, સ્વચ્છતા અને ઉપયોગ તમારા કર્મ અને પ્રગતિને પ્રભાવિત કરે છે. સ્વચ્છ અને વ્યવસ્થિત જૂતા સકારાત્મક ઉર્જા વધારે છે,



ગંદા-ફાટેલા અને જૂના જૂતા ચંપલ પહેરવા અશુભ માનવામાં આવે છે

જ્યારે ગંદા અથવા છૂટાછવાયા જૂતા નકારાત્મકતાને આમંત્રણ આપી શકે છે.

■ કોઈ બીજાના જૂતા પહેરવાની ભૂલ : એક ખૂબ જ સામાન્ય ભૂલ એ છે કે બીજા વ્યક્તિના જૂતા અથવા ચંપલ પહેરવા. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, દરેક વ્યક્તિમાં એક અનોખી ઉર્જા હોય છે, અને તેમના જૂતા તે ચોક્કસ ઉર્જા જાળવી રાખે છે. બીજા કોઈના જૂતા પહેરવાથી તેમની નકારાત્મક ઉર્જા તમારા જીવનમાં પ્રવેશી શકે છે, જે માનસિક અશાંતિ, કામમાં અવરોધો અને દુર્ભાગ્ય તરફ દોરી શકે છે.

■ ગંદા કે ફાટેલા જૂતા પહેરવાનું ટાળો : ગંદા, ફાટેલા કે ખૂબ જૂના જૂતા-ચંપલ પહેરવા અશુભ માનવામાં આવે છે. આ વ્યક્તિના આત્મવિશ્વાસને ઓછો કરી શકે છે અને તેમના વ્યાવસાયિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવામાં અવરોધો ઉભા કરી શકે છે.

## સરકારની નિષ્ફળતા; વાંક તંત્રનો ભોગવવાનું વિદ્યાર્થીઓને

# સ્કૂલ શરૂ, પુસ્તકો ગૂમ !



25 દિવસ સુધી વિદ્યાર્થીઓને પુસ્તકો નહીં મળે !

પુસ્તકો આવતા હજુ **25 દિવસનો** સમય લાગશે

## ગુજરાતનું શિક્ષણ તંત્ર ફેલ; સ્કૂલોમાં 'બૂકલેસ' ભણતરનો આરંભ !

BOOKLESS

**BOOKLESS EDUCATION**
પુસ્તકો વિના ભણતર !

**નવી ટર્મનો આરંભ**
પણ પુસ્તકો વગર !

**પુસ્તકોની રાહમાં લાખો વિદ્યાર્થીઓ**
અભ્યાસ પર ગંભીર અસર !

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ પાઠ્યપુસ્તકોની ભારે અછત સર્જાઈ છે. આ ગંભીર મુદ્દે ગાંધીનગરથી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના કાર્યકારી પ્રમુખનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે પુસ્તકોની અછત પાછળ વૈશ્વિક સ્તરે યુદ્ધની પરિસ્થિતિ અને કોર્ટ મેટર તેમજ પ્રિન્ટિંગમાં થયેલા વિલંબને મુખ્ય કારણ ગણાવ્યું છે.જોકે, તેમણે આશ્વાસન આપ્યું છે કે આગામી ૩૦ જૂન સુધીમાં રાજ્યના તમામ બાળકો સુધી પાઠ્યપુસ્તકો પહોંચાડી



દેવામાં આવશે.મંડળના જણાવ્યા અનુસાર, ધોરણ ૧ થી ૮ ના પુસ્તકો વિતરણ સેન્ટરો પર પહોંચી ગયા છે અને ગુજરાતી માધ્યમનું ૧૦૦% પ્રિન્ટિંગ કામ પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત, ખાનગી શાળાઓ માટે ધોરણ ૧૦ અને ૧૨ ના પુસ્તકો પણ મોકલી દેવાયા છે. પરંતુ, સરકારી શાળાઓમાં હજુ ધોરણ ૧૦ અને ૧૨ ના પુસ્તકો પહોંચાડવાના બાકી છે. હાલ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ માટે પ્રિન્ટિંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેના માટે ૫૭ જેટલા પ્રિન્ટિંગ પ્રેસમાં બે શિફ્ટમાં દિવસ-રાત કામ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં સુધી શાળાઓમાં ભૌતિક પુસ્તકો ન પહોંચે, ત્યાં સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરી શકશે. આ માટે તમામ પાઠ્યપુસ્તકોને ડિજિટલ સ્વરૂપે (PDF) મંડળની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરી દેવામાં આવ્યા છે, જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે.

# કેવડાવાડી ગરબી ચોકમાં ક્રિષ્ના ઘી ભંડારના નમૂના નાપાસ








**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે શહેરમાં ખાદ્યસુરક્ષા મુદ્દે મોટું એક્શન લેતાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. "ક્રિષ્ના ઘી ભંડાર"માંથી લેવામાં આવેલ "શુદ્ધ ઘી (લૂઝ)"ના નમૂનામાં તપાસ બાદ વનસ્પતિ તેલની હાજરી સામે આવતા નમૂનો "સબસ્ટાન્ડર્ડ (ફેઇલ)" જાહેર કરવામાં આવ્યો છે.પૃથ્થકરણ રિપોર્ટ મુજબ BR રીડિંગ, રિચર્ટ વેલ્યૂ અને આયોડિન વેલ્યૂ ધોરણ મુજબ ન હોવાથી આ મામલે હવે એડજુડિકેશન કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટનાએ શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.આ સિવાય ફૂડ વિભાગે FSW વાન સાથે નંદનવનથી વાગડ ચોકડી વિસ્તાર સુધી સઘન ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાં કુલ ૧૯ ધંધાર્થીઓની તપાસ કરવામાં આવી. તેમાં ૯ વેપારીઓને લાઇસન્સ બાબતે તાકીદની સૂચના આપવામાં આવી હતી, જ્યારે ૧૦ ખાદ્યચીજોના નમૂનાઓ સ્થળ પર જ ચકાસવામાં આવ્યા.ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ વધુ ૩ નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે, જેમાં આઇસ્ક્રીમ સંબંધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ તમામ નમૂનાઓની લેબમાં વિગતવાર તપાસ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યવાહીથી સ્પષ્ટ થાય છે કે શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા પર ગંભીર જોખમ ઉભું થયું છે. "શુદ્ધ" નામે વેચાતા ઉત્પાદનોમાં જ જો મિલાવટ બહાર આવે, તો સામાન્ય જનતા શું ખાય છે તે મોટો સવાલ બની ગયો છે. હવે જો તંત્ર સતત કડક કાર્યવાહી નહીં કરે, તો આવી મિલાવટખોરી લોકોના આરોગ્ય માટે મોટું જોખમ સાબિત થઈ શકે છે.


## 9 ધંધાર્થીઓને લાઈસન્સ બાબતે સુચના અપાઈ

ફૂડો'ઝ આઇસ્ક્રીમ -લાઇસન્સ બાબતે સૂચના, ઢોસા વાલા -લાઇસન્સ બાબતે સૂચના, ગુરુકૃપા આઇસ્ક્રીમ & સોડા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, જલારામ સુરતી લોચો -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, શ્રી હરી પરાઠા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, જય મેલડીમાં રસ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, ખોડલ રસ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, સીતારામ સુરતી ખમણ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, અનુ ભાજી & પુલાવ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.તથાયશ ફાર્મસી, પુષ્ટિ પ્રોવિઝન સ્ટોર, ધારેશ્વર ડેરી ફાર્મ, મારુતિ ફૂડ્સ, મવડી ઢોસા હાઉસ, પટેલ રેસ્ટોરન્ટ, પટેલ સુરતી ઢોસા, ZAF'S TEA, ગણેશ આલૂપુરી, પાણિપુરી.કોમની ચકાસણી કરેલ.

### ભગતસિંહ ગાર્ડન પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાટર્સ તોડાશે

# મહાપાલિકા ચોમાસું આવે ત્યારે જાગે, બાકી નિંદર માણે !







## » વર્ષોથી જર્જરિત 792 ક્વાટર્સને વીજ પાણીના જોડાણો કાપવા નોટિસ

## » જર્જરિત છે ખાલી કરો પણ રહેવાની વ્યવસ્થા તો ગોઠવી આપો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ઓચંતી જાગેલી કુંભકર્ણી નિદ્રા અને પ્રી-મોન્સૂન કામગીરીના નામે માત્ર કાગળ પર નોટિસો ફાટવાની નીતિને કારણે વોર્ડ નંબર ૧૦ના સેંકડો પરિવારો પર અત્યારે ચોમાસાના ટાણે જ બેઘર થવાનું સંકટ તોળાઈ રહ્યું છે. ભગતસિંહ ગાર્ડન પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના આશરે ૭૯૨ જેટલા ક્વાર્ટર્સ વર્ષોથી અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં પડ્યા છે. પરંતુ તંત્રએ વર્ષો સુધી આ અંગે કોઈ કાયમી ઉકેલ લાવવાની તસદી લીધી નથી. હવે જ્યારે ચોમાસાની ઋતુ માથા પર આવીને ઊભી છે, ત્યારે અચાનક જાગી ગયેલા કોર્પોરેશનના અધિકારીઓએ રહીશોને સીધી પાણી અને વીજળીના જોડાણો કાપી નાખવાની નોટિસ ફટકારી છે. એટલું જ નહીં ચોમાસામાં જ લોકોને બેઘર કરવા માટે મક્કમ અધિકારીઓની આ કામગીરી નિયમ મુજબ કરાઈ હોવાનું જણાવી મેયર ડો. નેહલ શુક્લએ લુલો બચાવ કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ભગતસિંહ ગાર્ડન પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના આશરે ૭૯૨ જેટલા ક્વાર્ટર્સ વર્ષોથી જર્જરિત છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ મનપા તંત્રએ ટેકનિકલ તપાસ અને સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટનો હવાલો આપીને આ આખી ઈમારતને રહેવા માટે અયોગ્ય અને જોખમી ગણાવી છે. સવાલ એ ઊભો થાય છે કે જો આ રિપોર્ટ આટલો જ ગંભીર હતો, તો તંત્ર આખું વર્ષ કેમ ઊંઘતું રહ્યું? ચોમાસાની વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિમાં જ્યારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને આશરાની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે જ તેમને પાણી અને વીજળી વિના ટળવળતા કરીને ઘરમાંથી કાઢી મૂકવાની આ કામગીરી કેટલી યોગ્ય છે. સ્થળ પર માત્ર ભયજનક મિલકતના બોર્ડ મારી દેવાથી કોર્પોરેશનની જવાબદારી પૂરી થઈ જતી નથી. સ્થાનિકોમાં પણ સરમુખત્યારશાહી જેવા તંત્રના આ વલણ સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. રહીશોનો સીધો આક્ષેપ છે કે મહાનગરપાલિકા દર વર્ષે ચોમાસા પહેલાં આવી રીતે કાગળ પર નોટિસો ફટકારીને સંતોષ માનવાનું કામ કરે છે. રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ પણ આ સમગ્ર મામલે તંત્રના બચાવમાં ઉતરી આવ્યા છે. તેમણે જણાવ્યું કે આ નોટિસ આપવી એ માત્ર એક વહીવટી પ્રક્રિયાનો ભાગ છે. આ મિલકતો ગુજરાત હાઉસિંગ બોર્ડની માલિકીની હોવા છતાં પણ તે શહેરની હદમાં આવતી હોવાથી નોટિસ આપવાની સત્તા - જવાબદારી મનપા પાસે છે. જોકે રિપેર થયેલા મકાનોની ચકાસણી નહીં કરવા અંગે તેમણે વહીવટી તંત્ર પાસેથી વિગતો મગાવવાનું આશ્વાસન તો આપ્યું છે, પરંતુ ચોમાસાના પ્રારંભે જ તંત્રની આ માનવતાહીન કામગીરીને કારણે અનેક પરિવારોના જીવ અધ્ધર થઈ ગયા છે.



### જરાક વિચારો આ પરિવાર ક્યાં જશે






## બાર એન્ડ બેન્ચ અને ઈન્ડિયન એક્સપ્રેસનો રિપોર્ટ

# દાઉદી વ્હોરા ઉત્તરાધિકાર જાહેર કરનાર જજને ધમકી?



**પૂર્વ જજ ગૌતમ પટેલનો દાવો તેમના પરિવારને 10 મહિનાથી ધમકીઓ મળી રહી છે**

**પૂર્વ જજનો દાવો 2024માં દાઉદી વ્હોરા સમુદાયના ઉત્તરાધિકાર વિવાદ પર આપેલા નિર્ણય સાથે સબંધિત છે**

## વિવાદમાં તેમના સાવકાભાઈ ખુઝૈમા કુતુબુદ્દીન અને બાદમાં પુત્ર તાહિર ફખરુદ્દીન તરફથી કરાયેલા દાવાઓ સાથે સબંધીત હતો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટના પૂર્વ જજ ગૌતમ પટેલનો દાવો છે કે તેમને અને તેમના પરિવારને છેલ્લા લગભગ ૧૦ મહિનાથી ધમકીઓ મળી રહી છે. પૂર્વ જજનો દાવો છે કે આ ઘટનાઓ ૨૦૨૪માં દાઉદી વ્હોરા સમુદાયના ઉત્તરાધિકાર વિવાદ પર આપેલા તેમના નિર્ણય સાથે સંબંધિત છે.

જજ પાસેથી માંગ કરવામાં આવી રહી છે કે તેઓ એક વીડિયો રેકોર્ડ કરીને પોતાનો નિર્ણય પાછો ખેંચે અને દાવો કરે કે તેમને આવું કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા.

બાર એન્ડ બેન્ચ અને ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, જસ્ટિસ પટેલે ઓગસ્ટ ૨૦૨૪માં દાઉદી વ્હોરા

**પૂર્વ જજે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને દાઉદી વ્હોરા સમુદાયના કાયદેસરના 53માં દાઈ–અલ–મુતલક જાહેર કર્યા હતા**

સમુદાયના ઉત્તરાધિકાર વિવાદ પર નિર્ણય સંભળાવ્યો હતો.

તેમણે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને દાઉદી વ્હોરા સમુદાયના કાયદેસરના ૫૩મા દાઈ-અલ-મુતલક જાહેર કર્યા હતા. આ વિવાદ તેમના સાવકા ભાઈ ખુઝૈમા કુતુબુદ્દીન અને બાદમાં તેમના પુત્ર તાહિર ફખરુદ્દીન તરફથી કરાયેલા દાવાઓ સાથે સંબંધિત હતો.

ચુકાદો આવ્યાના થોડા સમય પછી જ જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને ધમકીભર્યા સંદેશા મળવાના શરૂ થઈ ગયા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫માં એક પત્ર મોકલીને તેમની પાસેથી નિર્ણય પાછો ખેંચવા અને જાહેરમાં તેને ખોટો ગણાવવાની માંગ કરવામાં આવી હતી.

જસ્ટિસ પટેલે કહ્યું કે તેમણે લંડનમાં ભારતીય હાઈકમિશન અને બોમ્બે હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ અને ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતને પણ આ મામલે જાણ કરી છે. તેમણે વધુમાં કહ્યું- હું એપ્રિલ ૨૦૨૪થી નિવૃત્ત છું. બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને યુટ્યુબ વીડિયો દ્વારા રદ કરી શકાય નહીં.

### દીકરી પર લંડનમાં 2 મહિના પહેલા હુમલો

જસ્ટિસ પટેલની દીકરી અદિતિ પર ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ લંડનમાં હુમલો કરવામાં આવ્યો હતો. તે પોતાના બાળકને સ્કૂલે મૂકીને પાછી ફરી રહી હતી, ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ પાછળથી તેના પર હુમલો કર્યો. આ હુમલામાં તેનું નાકનું હાડકુ તૂટી ગયું. યુકે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને પહેલા મળેલી ધમકીઓ સાથેના કનેક્શનની પણ તપાસ કરી રહી છે. નિવૃત્ત જસ્ટિસના જણાવ્યા અનુસાર, ૫ જૂને તેમની પુત્રી અદિતિ પટેલને ફરીથી એક અનામી પત્ર મળ્યો. આ પત્રમાં કહેવામાં આવ્યું હતું કે જો જસ્ટિસ પટેલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ના તેમના નિર્ણયને યુટ્યુબ વીડિયો દ્વારા જાહેરમાં પાછો નહીં ખેંચે તો તેમના પરિવારના અંતિમ સંસ્કાર કરાવવામાં આવશે. પત્ર સાથે એક SD કાર્ડ પણ હતું. આ માટે એક ગેંગને કામે લગાડવામાં આવી છે. આ ઘટનાઓ પછી લંડનમાં તેમની પુત્રી અને જમાઈએ યુકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. વેસ્ટ હર્ટફોર્ડશાયર આતંકવાદ વિરોધી યુનિટ ૨૨ એપ્રિલે અદિતિ પટેલ પર થયેલા હુમલાની સમીક્ષા કરી રહી છે.

## એક જ સંગઠનના નામે 8 દિ'માં કોળી સમાજના બે સંમેલનથી વિવાદના એંધાણ

# કોળી સમાજની એકતા તૂટી દિલ્હીમાં ડબલ સંમેલન...

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અખિલ ભારતીય કોળી સમાજના નામે આગામી અઠવાડિયે દિલ્હીમાં બે અલગ અલગ સંગઠન બોલાવવામાં આવતા વિવાદ સર્જાયો છે. ૧૪ જૂને મળનારા સંમેલનમાં ગુજરાતથી કુંવરજી બાવળીયા સહિતના નેતાઓ હાજર રહેવાના છે. જ્યારે ૨૧ જૂને મળનારા સંમેલનમાં રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકી સહિતના આગેવાનો હાજર રહેવાના છે.

ગુજરાતની રાજનીતિમાં કોળી સમાજના મતો નિર્ણાયક ગણવામાં આવી રહ્યા છે. ત્યારે દિલ્હીમાં આગામી અઠવાડિયે મળનારા અખિલ ભારતીય કોળી સમાજના બે અલગ અલગ સંમેલનને લઈ ગુજરાતની રાજનીતિ ગરમાઈ છે. કારણ કે, ૧૪મી તારીખે મળનારા સંમેલનમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા કે જેઓ અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ છે તે ઓ ઉપસ્થિત રહેવાના છે. જ્યારે ૨૧મી તારીખે મળનારા સંમેલનમાં રાજુલાના ધારાસભ્ય અને અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત અધ્યક્ષ હીરાભાઈ સોલંકીએ હાજર રહેવાની જાહેરાત કરી છે.

## બે રાષ્ટ્રીય અધિવેશન

## અખિલ ભારતીય કોળી સમાજનું 14 જૂને



### કુંવરજી બાવળિયા

કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, ૧૪ જૂનના દિલ્હીમાં અખિલ ભારતીય કોળી સમાજનું અધિવેશન મળવાનું છે. મહારાષ્ટ્રના કોળી સમાજના તમામ લોકોને ત્યાં પધારવા માટે આમંત્રિત કરું છું. બીજા કોળી સમાજ દ્વારા ૨૧ જૂનના અધિવેશન બોલાવવા માટેનું એલાન કરવામાં આવ્યું છે. પરંતુ તે લોકોએ પોતાના અંગત સ્વાર્થ માટે અથવા તો પોલિટિકલ લાભ લેવા માટે આ સંમેલનનું આયોજન કર્યું છે. તેમાં ઘણા લોકો એવા છે કે જેઓ અખિલ ભારતીય કોળી સમાજમાં સામેલ છે પરંતુ તેઓએ સમાજ માટે અત્યાર સુધી કંઈ નથી કર્યું.

ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને દિલ્હીના લોકો પણ આ કોળી સમાજમાં જોડાયેલા છે પરંતુ તેઓએ અત્યાર સુધી સમાજ માટે કઈ કર્યું નથી. અખિલ ભારતીય કોળી સમાજના યુવા અધ્યક્ષ બનીને ગુજરાતમાંથી કોઈ મહારાષ્ટ્ર આવ્યા હતા. જુના લોકો છે તેઓએ કોળી સમાજમાં યુવાનો અને મહિલાઓ આવે તો તેનો વિરોધ જ કર્યો છે. જ્યારે મને અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી ત્યારથી મેં યુવાનો અને મહિલાઓનો સમાવેશ કરવાનો પૂરો પ્રયત્ન કર્યો છે. જેથી હું ૧૪ જૂનના મળનારા સંમેલનમાં આવવા માટે મુખ્ય આગેવાનોને આમંત્રિત કરું છું. મૂળ અખિલ ભારતીય કોળી સમાજનું આ અધિવેશન છે.

અપીલ છે કે, બંનેમાંથી એક પણ અધિવેશનમાં હાજરી ન આપવી જોઈએ.

## જય કોળી સમાજ ચાલો દિલ્હી-ચાલો દિલ્હી 21 જૂને



### હિરાભાઈ સોલંકી

કોળી સમાજના બે અલગ અલગ અધિવેશનના આયોજન વચ્ચે અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હીરા સોલંકીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વાયરલ થયેલા વીડિયોમાં હીરા સોલંકી અખિલ ભારતીય રાષ્ટ્રીય કોળી સમાજના અધ્યક્ષ વિરેન્દ્ર કશ્યપ સાથે જોવા મળી રહ્યા છે અને આ વાયરલ વીડિયોમાં હીરા સોલંકીએ કહ્યું, તેરે દિન અચ્છે હૈ, તું હમસે કિનારા કર લે, હમ તો બુરે લોગ હૈ, બુરે વક્ત મેં ભી કામ આયેંગે. ઉલ્લેખનીય છે કે ૨૧ તારીખના રોજ વિરેન્દ્ર કશ્યપના અધ્યક્ષ સ્થાને યોજાનાર રાષ્ટ્રીય અધિવેશનને હીરા સોલંકીનો ટેકો જાહેર કર્યો છે ત્યારે આ વાયરલ વિડીયો બાદ મંત્રી કુવરજી બાવળીયા અને હીરા સોલંકી વચ્ચે કથિત કોલ્ડવોર ચાલતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાતના યુવા પ્રમુખ દિવ્યેશ ચાવડાએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા અમારી ચૂંટણી થઈ હતી ત્યારે રાષ્ટ્રીય કારોબારીના ૯૦ સભ્યોએ અજીતભાઈને પ્રમુખ તરીકે ચૂંટ્યા હતા. ત્યારપછી કુંવરજીભાઈએ હું પ્રમુખ છું એવું ચાલુ કર્યું હતું. અમે ડીસેમ્બરમાં જ દિલ્હી ખાતે અધિવેશનનો પ્રોગ્રામ નક્કી હતો. હવે કુંવરજીભાઈને એવું લાગ્યું કે, જો અમારું સંમેલન થઈ જાય તો તેની વાત કોઈ સ્વીકારે નહીં એટલે તેને સાથે સંમેલન રાખ્યું છે. હિરાભાઈ અમારા પ્રદેશના પ્રમુખ છે. અખિલ ભારતીય કોળઈ સમાજના . ગુજરાતથી અમે ૩૦૦ લોકો જવાના છીએ એ હીરાભાઈના નેતૃત્વમાં જ જવાના છીએ.

### ટૂરના નામે લાખો-કરોડોની છેતરપિંડી કરી રાતોરાત ગાયબ

# ફેસ્ટિવલ ટૂર એન્ડ ટ્રાવેલ્સની ઓફિસે લાગ્યા તાળા; સંચાલક રફુચક્કર !

### નાનામવા સર્કલ પાસે આવેલ ઓફિસના સંચાલક અભિનય પટેલનો ફોન બંધ






### ઓફિસમાંથી સ્ટાફને છૂટો કરી દેવાયો; રાતોરાત સામાન ભરી લીધો, પ્રવાસીઓ તેમજ અનેકને નાણાં લઈને ચેક પધરાવી દીધા, હવે લેણદારોના ઓફિસે ધક્કા કર્મચારીઓની કઠણાઈ, પેઢી ઉઠી ગઈ કે અન્ય કાંઈ? ભારે ચર્ચા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના નાનામવા સર્કલ પાસે આવેલા એક ટાવરમાં વિદેશનો પ્રવાસ કરાવતી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની પેઢીને રાતોરાત તાળાં લાગી જતાં લેણદારો તથા લાખો રૂપિયાના એડવાન્સ પેમેન્ટ કરી દેનારા પ્રવાસીઓમાં ભારે દોડધામ થઈ પડી છે. ઓફિસ પર અત્યાર સુધી તો સ્ટાફ રહેતો હવે તો જવાબ આપનારો સ્ટાફ પણ નહીં અને ઓફિસ પણ બંધ હોવાથી આયોજકને શોધવા માટે લેણદારો તેના નજીકનાઓના સંપર્ક કરી રહ્યા છે. પેઢી સંચાલક દ્વારા અવનવી ખરીદી કે પ્રોગ્રામ ગોઠવીને રોકડના બદલે મુદતના ચેક પધરાવી દેવાતા હતા. આવા અનેક વ્યક્તિઓ પણ ચેક લઈને ચક્કરો કાપી રહ્યા હોવાની અને પેઢીના ઉઠમણા થઈ ગયા કે શું?ની ભારે ચર્ચા ચાલી છે.

આધારભૂત સૂત્રોમાંથી ચર્ચાતી વિગતોમાં અભિનય પટેલ ત્યારબાદ નાનામવા સર્કલ પાસેના એક ટાવરમાં ઓફિસ કરી હતી. ઓફિસમાં લેડીઝ, જેન્ટ્સ સહિતનો સ્ટાફ રખાયો હતો. દુબઈ, વિયેતનામ સહિતના દેશમાં આ પેઢી ફોર ટૂર પેકેજ આયોજન કરતી હતી જેમાં અલગ-અલગ અને અન્ય એજન્સીઓ કરતાં સસ્તા પેકેજ રાખતા હોવાથી ટ્રીપો પણ થતી. છેલ્લા છએક માસથી વધુ સમયથી સંચાલકના તામજામ વધી ગયા હતા.

માર્ચ પૂર્વેના દુબઈ સહિતના અન્ય દેશના ટૂર પેકેજસ માટે એડવાન્સ બુકિંગ અને પેમેન્ટ પણ લઈ લીધા હતા. આયોજક દ્વારા એમ કહીને હાથ ઉંચા કરી દેવાયા કે હવે યુધ્ધની સ્થિતિને લઈને ખતરો છે, પેકેજ માટેના હોટલ્સ, એરફેર સહિતના બુકિંગ તો કરાવી લીધા છે ત્યાં એડવાન્સ પેમેન્ટ કરી આપ્યા છે. જો ટૂર કેન્સલ કરાવો તો અત્યારે તો નાણાં ન મળે, જોઈતા હોય તો ચેક આપી શકાય. કહી એડવાન્સમાં ટૂર પેકેજના નામે ઉઘરાવેલા નાણાંના નામે જેઓ માંગ્યા તેમને ત્રણ-ચાર માસ કે આવી મુદતના ચેકો પધરાવી દેવાયા હતા. પેકેજના નામે જો ચેક આપો તો પુરી એમાઉન્ટ અને કેશ આપો તો વ્યક્તિદીઠ ૧૦,૨૦ હજાર કે આવી રકમની રાહત કન્સેશન આપવાની સ્કીમ (જાળ) મુકી હતી. જેમાં એક સાથે પાંચ, સાત, દશ કે આવી સંખ્યામાં પેકેજ બૂક કરાવનારા સમૂહ કે ફેમિલીએ નાણાં બચાવવાની લ્હાયમાં રોકડ રકમ એડવાન્સમાં આપી દીધી હતી. આવા પ્રવાસીઓ પાસે તો નાણાં ચૂકવ્યાના બેન્ક પ્રુફ કે આવા કોઈ ઓનપેપર એડવાન્સ પણ ન હોવાથી આવા લોકો વધુ ફસાયાનું જાણવા મળે છે.

ઓફિસ ચાલુ રાખીને જવાબો આપવા રાખેલા બે-ત્રણ કર્મચારીને પણ રજા આપીને હવે તો પેઢીને જ સાવ તાળાં લગાવી દીધા હોવાનું જાણવા મળે છે. સંચાલકનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતો હોવાથી જેઓ પાસે પેઢીના અન્ય કર્મચારીઓના નંબર છે તેના પર ફોન કરીને સંચાલક અને પેઢી બંધ કેમ છે તે બાબતે ખબર અંતર લેવાઈ રહ્યા છે.


વિદેશના ટૂર પેકેજ બૂક કરાવનારા ઉપરાંત એર ટિકિટ્સ, હોટેલ બુકિંગ્સ માટે એડવાન્સ પેમેન્ટ આપનારા તથા અન્ય રીતે પણ નાણાં આપનારા અનેક લોકો ઓફિસે તાળા લાગતા અને ફોન સ્વિચ ઓફ થઈ જતાં ધંધે લાગ્યા છે.

### ડાયરામાં કારના કાફલા સાથે આવી લાખો રૂપિયા ઉડાડી લાઈમ લાઈટમાં આવેલ

# માથાભારે નામ, ખતરનાક અંત

# મહાવીરસિંહ સિંધવનું ચોથા માળેથી પટકાતા મોત

### લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે નામ જોડાયું હતુંઃ ગુજસીટોક અને NDPS સહિતના અનેક ગૂનામાં સંડોવાયેલ




## ગઈ રાતે નશાની હાલતમાં ફ્લેટના રહીશો પર હૂમલો કર્યો, પોલીસ આવતા ભાગવા જતા પગ લપચ્યો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના વૈભવી ગણાતા બોપલ વિસ્તારમાં પાડોશીઓ સાથે નશાની હાલતમાં મારામારી કરનાર કુખ્યાત મહાવીરસિંહ સિંધવનું ચોથા માળેથી પતકાતાં મોત નીપજ્યું છે. લૂંટ, ગુજસીટોક, આર્મીની નોકરી છોડ્યા બાદ ડ્રગ્સ નેટવર્ક અને લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે આશંકાસ્પદ કનેક્શન ધરાવતો મહાવીરસિંહ ગઈકાલે (૮ જૂન) રાત્રે સોસાયટીમાં ઝઘડા બાદ પોલીસ પકડથી બચવા ભાગી રહ્યો હતો, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ૨૦૨૦માં લોકસાહિત્યકાર દેવાયત ખવડના ડાયરામાં ૧૦ લક્ઝુરિયસ કારોના કાફલા સાથે એન્ટ્રી કરી અને લાખો રૂપિયાનો વરસાદ કરીને મહાવીરસિંહ અચાનક લાઈમલાઈટમાં આવ્યો હતો. બોપલ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગત મુજબ, મૃતક મહાવીરસિંહ સિંધવ (મૂળ રહે. ચોકડી ગામ, તા. ચુડા, સુરેન્દ્રનગર) તાજેતરમાં જ બોપલ વિસ્તારમાં આવેલા ’અક્ષર લક્ઝ્યુરિયા’ ફ્લેટમાં રહેવા માટે આવ્યો હતો. સોમવારની રાત્રે મહાવીરસિંહે નશાની હાલતમાં ફ્લેટના અન્ય બ્લોકમાં રહેતા પાડોશીઓ સાથે કોઈ બાબતે ભારે હોબાળો મચાવ્યો હતો. ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે તેણે રહીશો સાથે મારામારી શરૂ કરી દીધી હતી. તેના આતંકથી કંટાળીને સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમના ઈમરજન્સી નંબર ૧૧૨ પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી.

સ્થાનિકોની જાણ બાદ પોલીસ આવી હોવાની ભાળ મળતાં જ મહાવીરસિંહ પકડાઈ જવાના ડરથી બચવા માટે ભાગ્યો હતો. ચોથા માળે ગેલેરી કે અગાસીના ભાગેથી ઝડપથી ભાગવાના પ્રયાસમાં અચાનક તેનો પગ લપસી ગયો હતો, જેના કારણે તે સીધો ચોથા માળેથી હવામાં ફંગોળાઈને નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી નીચે પડતાં માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાના લીધે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બોપલ પોલીસ સ્ટેશનના પીઆઈ સુનિલ ચૌધરીએ જણાવ્યું કે, મહાવીરસિંહ જાતે જ પડી જતા મોત થયું છે, જેથી અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતદેહને સોલા સિવિલમાં પીએમ અર્થે મોકલાયો છે.

આ અંગે બોપલ પોલીસ સ્ટેશનના PI સુનિલ ચૌધરીએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદન મુજબ મહાવીરસિંહ પોલીસથી બચવા ભાગતી વખતે જાતે જ લપસીને નીચે પડી ગયો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું છે. આથી હાલ બોપલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

### ડ્રગ્સકાંડમાં લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે નામ ખૂલ્યું હતું

વર્ષ ૨૦૨૩માં સુરેન્દ્રનગરમાં શિવ સંગાથ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી એલસીબીની ટીમે અક્ષય રામકુમાર ડેલુ, અંકિત વિષ્ણુરામ બિશ્નોઇ અને કચ્છના વાકુ ગામના વિક્રમસિંહ જાડેજાને ૧૭.૮૧ લાખના ડ્રગ્સ સાથે પકડી પાડ્યા હતા. તપાસ કરનાર એસઓજી પીઆઇ એસ.એન. જાડેજા અને તેમની ટીમે જ્યારે કડક પૂછપરછ કરી ત્યારે આખો આંતરરાજ્ય ડ્રગ્સનો ભાંડો ફૂટ્યો હતો. પકડાયેલા રાજસ્થાની શખ્સોને આ ફ્લેટ મહાવીરસિંહ સિંધવે જ પોતાના મિત્ર મારફતે ભાડે અપાવ્યો હતો.

# ભારતની સૌથી વેલ્યુએબલ પર્સનાલિટી
# કોહલી-1, શાહરૂખ-2, પ્રિયંકા 3 નંબરે



1 2

**ભારતના ટોપ-10 વેલ્યુએબલ સેલિબ્રિટી**

- વિરાટ કોહલી (ક્રિકેટર)
- શાહરૂખ ખાન (અભિનેતા)
- પ્રિયંકા ચોપરા (અભિનેત્રી)
- મહેન્દ્ર સિંહ ધોની (ક્રિકેટર)
- રણવીર સિંહ (અભિનેતા)
- અક્ષય કુમાર (અભિનેતા)
- અમિતાભ બચ્ચન (અભિનેતા)
- સચિન તેંડુલકર (ક્રિકેટર)
- આલિયા ભટ્ટ (અભિનેત્રી)
- અલ્લુ અર્જુન (અભિનેતા)



3

દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલી ભારતની સૌથી વેલ્યુએબલ પર્સનાલિટીની યાદીમાં પ્રથમ સ્થાને છે. તેમની બ્રાન્ડ વેલ્યુ ૩,૫૪૨ કરોડ રૂપિયા છે. શાહરૂખ ખાન બીજા અને પ્રિયંકા ચોપરા જોનાસ ત્રીજા સ્થાને છે.

ફોર્ચ્યુન ઈન્ડિયા અને ઈન્ટરબ્રાન્ડે દેશની ૨૫ સૌથી વેલ્યુએબલ સેલિબ્રિટી પર રિસર્ચ કર્યું. જેમાં ટોપ ૧૦માં ૩ ક્રિકેટર અને ૭ ફિલ્મી સેલિબ્રિટી છે. મહિલા સેલિબ્રિટીઝમાં પ્રિયંકા ચોપરા સૌથી ઉપર રહી. આ ઉપરાંત દીપિકા પાદુકોણ (૧૧મું સ્થાન), રશ્મિકા મંદાના (૧૭મું સ્થાન), કૃતિ સેનન, ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના અને સાઉથની અભિનેત્રી નયનતારાને સ્થાન મળ્યું છે. વેલ્યુએબલ વ્યક્તિઓની યાદીમાં દિલજીત દોસાંઝ, કરણ જોહર, સૌરવ ગાંગુલી અને વિકી કૌશલના પણ નામ છે.

આ અભ્યાસમાં બ્રાન્ડ વેલ્યુ નક્કી કરવા માટે સેલિબ્રિટીઝની કમાણી, ફોલોઅર્સ કે બોક્સ ઓફિસ પરની સફળતા ઉપરાંત અન્ય ઘણી બાબતો પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે.

### સિંગાપોરના ઉદ્યોગપતિના પ્રેમમાં પડી
# જેનિફર વિંગેટ કરશે બીજા લગ્ન ?

સિટી ન્યૂઝ@મુંબઈ

જેનિફર વિંગેટ હાલમાં તેના બીજા લગ્ન માટે ચર્ચામાં છવાયેલી છે. હકીકતમાં, તેણે તાજેતરમાં લગ્નના ડાન્સ રીલ પર ટિપ્પણી કરી હતી, જેના કારણે તેના લગ્ન વિશે અટકળો શરૂ થઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેનિફર વિલિયમ ઇસ્માઈલ સાથે લગ્ન કરી રહી છે. છૂટાછેડાના લગભગ ૧૧ વર્ષ પછી, જેનિફર વિંગેટ ફરી એકવાર તેના લગ્ન માટે સમાચારમાં છે. જેનિફરના લગ્ન વિશે ઘણા સમયથી ઘણી અટકળો ચાલી રહી છે, તેમ છતાં તેનું અંગત જીવન ખાનગી છે. હવે, તેના નજીકના સૂત્રો અનુસાર, અભિનેત્રી તેના જીવનમાં આગળનું મહત્વપૂર્ણ પગલું ભરવા માટે તૈયાર છે.

અહેવાલો અનુસાર, જેનિફર વિલિયમ ઇસ્માઈલ સાથે લગ્ન કરી રહી છે. અભિનેત્રી એક સુખી અને સ્થિર સંબંધમાં હોવાનું કહેવાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિલિયમે તેમના વેકેશન દરમિયાન જેનિફરને પ્રપોઝ કર્યું હતું, અને તેણે સ્વીકારી લીધું છે. બંને હાલમાં તેમના લગ્નના આયોજનમાં વ્યસ્ત છે. અહેવાલો અનુસાર, જેનિફરે લગ્નની ગોઠવણ શરૂ કરી દીધી છે, વિક્રેતાઓથી લઈને લગ્નની અન્ય તૈયારીઓ સુધી. જેનિફર વિંગેટના બીજા જીવન વિશે ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે ચાહકોએ સોશિયલ મીડિયા પર લગ્નના ડાન્સ વીડિયો પર તેની પ્રતિક્રિયા જોઈ.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
09 JUNE 2026
TUESDAY
16



જેનિફરે પહેલા લગ્ન કરણસિંહ ગ્રોવર સાથે કર્યા હતા





# યશ-જાનકીના 'ગોળધાણા'

ગુજરાતી સિનેમાની સૌથી લોકપ્રિય જોડીમાંની એક, યશ સોની અને જાનકી બોડીવાલાને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચાઓ થઈ રહી છે. જાનકી અને યશના 'ગોળધાણા' (લગ્ન પહેલાની સગાઈ દરમિયાન થતી એક પરંપરા)ના સમાચાર ઝડપથી ટ્રેન્ડ થઈ રહ્યા હતા. આ અહેવાલો પછી, ઘણા ચાહકોએ ધાર્યું કે આ સુપર હિટ ઓન સ્કીન જોડી હવે લગ્ન કરી રહી છે કે શું? જોકે, હવે સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ તેમની સગાઈ કે લગ્નના સમાચાર નથી; પણ 'ગોળધાણા' તેમની નવી ગુજરાતી ફિલ્મનું શીર્ષક છે અને હવે ફરી એક વખત જાનકી અને યશ ઓન સ્કીન કપલ તરીકે જોવા મળવાના છે. યશ સોની અને જાનકી બોડીવાલાએ અગાઉ 'છેલ્લો દિવસ' અને 'નાડી દોષ' જેવી અનેક સફળ ગુજરાતી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. તેમ જ યશની 'ચણિયા ટોળી' આ ફિલ્મમાં એક સ્પેશિયલ ગીત 'પાંજરામાં પોપટ બોલે'માં જાનકીએ કેમીઓ આપ્યો હતો.



# એક બાજુ ‘કરકસર’; બીજી બાજુ વેડફાટ !

### રેલવે તંત્રએ નવી તૈયારી શરૂ કરી

## ગેસની અછતથી ટ્રેનમાં ઈલેકટ્રિક ચૂલાથી રસોઈ !



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં સર્જાયેલા તણાવની અસર હવે ભારતીય રેલવેની કેટરિંગ સેવાઓ પર પણ જોવા મળી રહી છે. એલપીજી સિલિન્ડરોની અછતને કારણે રેલવે સામે એક મોટો પડકાર ઉભો થયો હતો, પરંતુ આ સંકટને તકમાં બદલતા આઈઆરસીટીસીએ એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. વર્ષો પહેલા ટ્રેનોમાં ગેસ પર રસોઈ બનાવવાની જે જોખમી પ્રથા બંધ કરવામાં આવી હતી, તેને હવે એક નવા, આધુનિક અને સલામત અવતારમાં ફરી શરૂ કરવામાં આવી છે. હવે ટ્રેનોમાં ગેસ નહીં, પરંતુ વીજળીથી ચાલતા ઈન્ડકશન ચૂલાઓ પર ભોજન તૈયાર થશે.

ભારતીય રેલવેનું નેટવર્ક વિશ્વના સૌથી મોટા નેટવર્કમાંનું એક છે. દરરોજ લગભગ ૧,૪૦૦ ટ્રેનોમાં મુસાફરી કરતા અંદાજે ૧૭ લાખ મુસાફરોને ગરમાગરમ ભોજન પીરસવાનું કામ ખૂબ જ જવાબદારીપૂર્વકનું છે. આ વિશાળ સંખ્યામાં ભોજન તૈયાર કરવા માટે સામાન્ય રીતે દરરોજ લગભગ ૧,૦૦૦ કમર્શિયલ એલપીજી સિલિન્ડરોની જરૂર પડે છે. જોકે, વર્તમાન પરિસ્થિતિને જોતા આટલા મોટા પ્રમાણમાં ગેસની ઉપલબ્ધતા જાળવવી મુશ્કેલ બની ગઈ છે.

આ સંકટને પહોંચી વળવા માટે IRCTC એ રાજધાની, શતાબ્દી, દુરંતો અને વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેનોની આધુનિક એલએચબી પેન્ટ્રી કારમાં ઈલેક્ટ્રિક કુકિંગની સુવિધા તૈયાર કરી દીધી છે. આઈઆરસીટીસીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય કુમાર જૈનના જણાવ્યા અનુસાર, વર્સને હવે સુરક્ષિત પેન્ટ્રી કારમાં વીજળીથી રસોઈ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. એટલું જ નહીં, રેલવેએ ઓઈલ કંપનીઓ સાથે પણ તાલમેલ સાધ્યો છે જેથી જરૂર પડ્યે ગેસનો પુરવઠો પણ મળી રહે.

પરિવર્તન માત્ર ચાલુ ટ્રેનો પૂરતું સીમિત નથી. રેલવેના સ્ટેશનો પર આવેલા ફૂડ પ્લાઝા, રિફ્રેશમેન્ટ રૂમ અને જન આહાર કેન્દ્રોને પણ સ્પષ્ટ નિર્દેશો આપી દેવામાં આવ્યા છે કે તેઓ વહેલી તકે ઈન્ડક્શાન અને માઈક્રોવેવનો ઉપયોગ શરૂ કરે. રેલવેનું લક્ષ્ય છે કે આગામી સમયમાં તેમની રસોઈનો અંદાજે ૬૦% હિસ્સો વીજળી આધારિત કુકિંગ પર સંપૂર્ણ રીતે શિફ્ટ થઈ જાય. આ માત્ર ઈંધણની અછતને પહોંચી વળવા માટે જ નહીં, પરંતુ સુરક્ષા અને આધુનિકીકરણની દ્રષ્ટિએ પણ ખૂબ જ આવશ્યક છે. આ આકસ્મિક સંકટ અને વધતી જતી ઈનપુટ કોસ્ટ (કાચા માલ અને ઈંધણનો ખર્ચ) ને કારણે આઈઆરસીટીસીની નાણાકીય સ્થિતિ પર પણ તેની અસર સ્પષ્ટ દેખાય છે.



### ફાયરે ત્વરિત કામગીરી કરતા મોટી દૂર્ઘટના ટળી

## રાજકોટમાં ટેન્કરનો પાઈપ તૂટતા 100 લીટર ડીઝલ રસ્તા પર ઢોળાયું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશભરમાં એકતરફ ડીઝલની અછત છે, તો બીજીતરફ રાજકોટમાં ૧૦૦ લીટર ડીઝલ રસ્તા પર ઢોળાયું હોવાનું સામે આવ્યું છે. રાજકોટનાં માલવિયા પોલીસ મથક નજીકથી પસાર થઈને મવડી ચોકડી તરફ જઈ રહેલા ટેન્કરમાં અચાનક મોટી ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેમાં આ માર્ગ પરથી પસાર થઈ રહેલા એક ટેન્કરની ડીઝલ પાઈપ લાઈન અચાનક વચ્ચેથી તૂટી ગઈ હતી. જેને લઈને ટાંકીમાં રહેલું અંદાજીત ૧૦૦ લિટર જેટલો ડીઝલનો મોટો જથ્થો માર્ગ પર ઢોળાઈ ગયો હતો. જેને પગલે ત્યાંથી પસાર થતા વાહનોનાં અકસ્માતનો ભય ઉભો થયો હતો. જોકે આ અંગેની જાણ થતાં ફાયરની ટીમ દોડી ગઈ હતી. અને પ્રથમ પાણીનો મારો ચલાવ્યા બાદ રસ્તા પર રેતી વેરી રસ્તાને સુરક્ષિત બનાવી દેવામાં આવતા મોટી દુર્ઘટના ટળી હતી. આ બનાવ ગત મોડીરાત્રે બન્યો હતો. ફાયર કંટ્રોલ રૂમમાં રાત્રે ૧૨:30 આસપાસ આ અંગેની જાણ થઈ હતી.

**માલવિયા પોલીસ સ્ટેશનથી મવડી ચોકડી સુધી રેલમછેલ**

ડિઝલ ઢોળાયા અંગેની ચોક્કસ માહિતી આપનાર જાગૃત વ્યક્તિનું નામ હરેન્દ્ર લાલજી નરેન્દ્ર લાલજી સ્ટાફમેન હોવાનું સામે આવ્યું છે. તેઓ મવડી ફાયર સ્ટેશન ખાતે ફરજ બજાવે છે. કંટ્રોલ રૂમ પરથી સંદેશો મળતાની સાથે જ ફાયર સ્ટેશનના વાહન નંબર ૨૬૨૪ મીની કો.કો. (મીની ફોમ ટેન્ડર)ને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયું હતું. બનાવ સ્થળે પહોંચીને સ્ટાફે જોયું તો માલવિયા પોલીસ મથકથી લઈને વિશ્વેશ્વર મહાદેવ મંદિર અને મવડી ચોકડી સુધીના સમગ્ર રોડ પર ઓઈલ અને ડીઝલની મોટી લકીરો દેખાતી હતી અને આખો રસ્તો ચીકણો થઈ ગયો હતો. ફાયર સ્ટાફે કોઈ મોટો અકસ્માત ન સર્જાય તે માટે ત્વરિત નિર્ણય લીધો હતો. સ્ટાફ દ્વારા તાત્કાલિક આ આખા પ્રવાહી વાળા રોડને સાફ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. રસ્તા પરની ચીકાશ દૂર કરવા માટે ફાયર ફાઈટરો દ્વારા ભારે જહેમત ઉઠાવીને સમગ્ર રોડ પર પ્રથમ પાણીનો છટકાવ કર્યા બાદ મોટા પ્રમાણમાં રેતી વેરવામાં આવી હતી.

## ટ્રક સાથે મિનિબસ અથડાઈ : મૃતકોમાં ભારતીય શ્રમિકો સામેલ

# દુબઈમાં રોડ અકસ્માત 7નાં મોત



**સિટી ન્યૂઝ@દુબઈ**

દુબઈમાં સોમવારે થયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે, જેમાં કેટલાક ભારતીય શ્રમિકો પણ સામેલ છે. આ શ્રમિકો એક મિનીબસમાં સવાર હતા. આ મિનિબસ અચાનક સામે ઉભેલી ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મિનિબસના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. મિનીબસમાં સવાર કેટલાક લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય ૯ લોકો ઘાયલ થયા છે, જેમાં પાંચની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

સંયુક્ત આરબ અમીરાતના દુબઈ શહેરમાં સોમવારે રસ્તાની વચ્ચે અચાનક ટ્રક ઉભી રહી જવાના કારણે પાછળથી આવી રહેલી મિનીબસ તેની સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કેટલાક ભારતીય શ્રમિકોના મોત થયા છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. દુબઈ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે જણાવ્યું કે દુબઈમાં થયેલા દુખદ માર્ગ અકસ્માતથી અમે અત્યંત દુખી છીએ, જેમાં કેટલાય ભારતીય શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ભારતીય મિશને જણાવ્યું કે તે શક્ય તમામ સહાય અને સમર્થન પૂરી પાડવા માટે સ્થાનિક સત્તાવાળાઓના સંપર્કમાં છે.

ભારતીય દૂતાવાસે શું કહ્યું

ભારતીય દૂતાવાસે એક્સ પર લખ્યું, "દુબઈમાં થયેલા એ દુખદ માર્ગ અકસ્માતથી અમને ઊંડું દુખ થયું છે, જેમાં કેટલાય ભારતીય શ્રમિકોના જીવ ગયા છે. અમારા અધિકારીઓએ હોસ્પિટલ જઈને ઘાયલ ભારતીયોની મુલાકાત લીધી છે અને તેઓ શક્ય તમામ મદદ અને સહયોગ આપવા માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને કામ કરી રહ્યા છે. આ મુશ્કેલ સમયમાં અમારી ઊંડી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ પીડિત પરિવારોની સાથે છે.





## વિશાખાપટ્ટનમની કરૂણ ઘટના

# સ્ટીલ પ્લાન્ટમાં દુર્ઘટના 8નાં મોત

**સિટી ન્યૂઝ@વિશાખાપટ્ટનમ**

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ સ્થિત વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં સોમવારે મોટી દુર્ઘટના ઘટી. પ્લાન્ટમાં પીગળેલા લોખંડ (મોલ્ટન આયર્ન) ફેલાઈ જવાથી આઠ કર્મચારીઓના મોત થયા. તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માહિતી અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે ક્રેનની મદદથી એક મોટી બકેટમાં પીગળેલું લોખંડ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન બકેટમાંથી અત્યંત ગરમ પીગળેલું લોખંડ બહાર ફેલાઈ ગયું અને ત્યાં કામ કરી રહેલા કર્મચારી પર પડ્યું.

રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ (RINL)ના વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં થયું. ઘટના પછી પ્લાન્ટ પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો. રાહત અને બચાવ દળે તાત્કાલિક ઘાયલોને સુરક્ષિત બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા.

અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે ક્યાંક દુર્ઘટનાનું કારણ ટેકનિકલ ખામી કે સુરક્ષા ધોરણોમાં કોઈ ચૂક તો નથી.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. જ્યારે ગૃહમંત્રી વંગાલાપુડી અનિતાએ વિશાખાપટ્ટનમના કલેક્ટર અને સિટી પોલીસ કમિશનર સાથે ફોન પર વાત કરીને દુર્ઘટનાની જાણકારી લીધી. તેમણે અધિકારીઓને ઘાયલોને સારી સારવાર આપવા અને બચાવ કાર્ય ઝડપી બનાવવા નિર્દેશ આપ્યા.

મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત આ દુર્ઘટના પર પીએમ નરેન્દ્ર મોદીએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પરિવારો પ્રત્યે તેમની સંવેદનાઓ છે અને ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી છે.

## ચૂંટણી પહેલા અનામત સીટ રદ્દ કરવાની માંગ

# POKમાં હિંસા ભડકી; 120નાં મોત

**સિટી ન્યૂઝ@મુઝફ્ફરાબાદ**



પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી હિંસક અથડામણોમાં ૧૨૦ લોકોના મોત થયા છે, જ્યારે ૭૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર આ હિંસા જોઈન્ટ અવામી એક્શન કમિટી અને પ્રાદેશિક સરકાર વચ્ચે ચાલી રહેલા વિવાદ દરમિયાન થઈ હતી.

રિપોર્ટ અનુસાર મૃતકોમાં ૭ નાગરિકો અને ૪ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. જ્યારે ૨૩ સુરક્ષાકર્મીઓ અને લગભગ ૫૦ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા છે. પોલીસે અત્યાર સુધીમાં ૩૦ લોકોની ધરપકડ કરી છે.

PoK માં JAAC અને સરકાર વચ્ચે વિધાનસભાની ૧૨ અનામત બેઠકોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ બેઠકો તે શરણાર્થીઓ માટે અનામત છે જેઓ જમ્મુ-કાશ્મીરથી પાકિસ્તાનના અન્ય ભાગોમાં જઈને વસ્યા હતા. JAAC આ બેઠકોને સમાપ્ત કરવાની માગ સાથે આંદોલન કરી રહ્યું છે. રવિવારે JAACના કાર્યકરો સંગઠનના એક સભ્યના મૃત્યુના વિરોધમાં હોસ્પિટલ બહાર પ્રદર્શન કરી રહ્યા હતા. સભ્યનું મૃત્યુ કથિત રીતે પોલીસ ફાયરિંગમાં થયું હતું. પોલીસ જ્યારે પ્રદર્શનકારીઓને હટાવવા પહોંચી, ત્યારે અથડામણ શરૂ થઈ ગઈ અને હિંસા ફેલાઈ ગઈ.

રાવલકોટના કમિશનર સરદાર વહીદ ખાને રોઈટર્સને જણાવ્યું કે પ્રદર્શનકારીઓના ગોળીબારમાં ચાર પોલીસકર્મીઓ અને એક રાહદારીનું મૃત્યુ થયું. તેમણે દાવો કર્યો કે તેના જવાબમાં સુરક્ષા દળોની કાર્યવાહીમાં છ પ્રદર્શનકારીઓ માર્યા ગયા.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

RAJKOT

# IMMERSIVE YOGA EXPERIENCE

A calming sound, breath, and mindfulness journey



**DATE:**
19 June 2026

**TIME:**
6:00 PM to 8:00 PM

**LOCATION:**
Saraza, Rajkot

**BOOKING CONTACT**
+91 9913419494 | +91 9998998980

## RESERVE YOUR SPOT TODAY

LIMITED SPACES AVAILABLE

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રવાના, મુખ્યમંત્રી આવતીકાલ સુધીમાં પહોંચશે

# ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીને દિલ્હીનું તેડું: કેબિનેટ બેઠક મોકૂફ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી આજે (૯ જૂન) દિલ્હી પહોંચી ગયા છે, જ્યારે મુખ્યમંત્રી આજે મોડી સાંજે અથવા આવતીકાલે (૧૦ જૂન) વહેલી સવારે દિલ્હી જવાના છે. આગામી બે દિવસ દરમિયાન દિલ્હીમાં યોજાનારી મહત્વપૂર્ણ બેઠકો અને કાર્યક્રમોમાં ગુજરાત સરકાર સક્રિય ભાગ લેશે. સુરતના ભુતિયા ડિમોલિશન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. દિલ્હી પ્રવાસને કારણે મુખ્યમંત્રીની મંગળવાર અને બુધવારની જનતા તથા જનપ્રતિનિધિઓ સાથેની મુલાકાતો રદ કરવામાં આવી છે. ઉપરાંત, બુધવારે યોજાનારી રાજ્ય કેબિનેટ બેઠક પણ મોકૂફ રાખવામાં આવી છે. પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં પણ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હાજરી આપશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત થવાની સંભાવના છે.૧૧ જૂને યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ગુજરાત સરકાર રાજ્યના વિકાસ માટેનો રોડમેપ રજૂ કરશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક વિકાસ, રોકાણ, કૃષિ અને ટેકનોલોજી આધારિત સુશાસન સહિતના વિવિધ ક્ષેત્રોની યોજનાઓ કેન્દ્ર સમક્ષ રજૂ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની બેઠકમાં તાજેતરમાં કચ્છના હરામીનાળા વિસ્તારની તેમની મુલાકાત દરમિયાન આપવામાં આવેલા સૂચનો અંગે ચર્ચા થઈ શકે છે. સરહદી સુરક્ષા, વિકાસલક્ષી કામગીરી, સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ મજબૂત બનાવવા અને સુરતના ચર્ચિત એવા ભુતિયા ડિમોલિશન જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા વિચારણા થવાની શક્યતા છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, આંતરિક સુરક્ષા અને ઓપરેશન ડેલ્ટા હન્ટ અંગે પણ કેન્દ્રીય ગૃહમંત્રી સાથે ચર્ચા થવાની સંભાવના છે. દિલ્હીમાં યોજાનારી આ બેઠકોને રાજ્ય સરકાર માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે વિકાસ, સુરક્ષા અને વહીવટી મુદ્દાઓ પર આગામી સમયના નિર્ણયો માટે આ ચર્ચાઓ મહત્વની સાબિત થઈ શકે છે.



### દ્વારકામાં કાળા પથ્થરની ખાણ સબંધિત મામલે ફરિયાદીને હેરાન ન કરવા લાંચ માંગી

# 5 લાખની લાંચ માંગનાર સરપંચ ગિરફતાર થયા

**સિટી ન્યૂઝ@દ્વારકા**

હરીપર ગામ ખાતે આવેલી કાળા પથ્થરની ખાણ સંબંધિત મામલે ફરિયાદીને હેરાનગતિ ન કરવા બદલ લાંચની માંગણી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ, હરીપર ગામમાં કાળા પથ્થરની ખાણની કામગીરી સાથે સંકળાયેલા ફરિયાદી અને તેમના ભાગીદાર પાસેથી હરીપર ગ્રામ પંચાયતના સરપંચના પતિ ડાયાભાઈ અરજણભાઈ પરમાર દ્વારા શરૂઆતમાં 30 લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી.બાદમાં થયેલી રકઝક દરમિયાન આ રકમ ૨૦ લાખ સુધી નક્કી થઈ હોવાનું ACBની કાર્યવાહી દરમિયાન સામે આવ્યું છે. આ કરાર મુજબ પ્રથમ હપ્તા તરીકે ૫ લાખની રકમ આપવાની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ફરિયાદના આધારે ACB દ્વારા કલ્યાણપુર ખાતે દ્વારકાધીશ કોમ્પ્લેક્સમાં આવેલી ફરિયાદીના મિત્રની ઓફિસમાં ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. ટ્રેપ દરમિયાન ડાયાભાઈ અરજણભાઈ પરમાર તથા જીવાભાઈ અરજણભાઈ પરમારએ ફરિયાદી પાસેથી ૫ લાખની લાંચની રકમ માંગીને સ્વીકારી હતી.ACBની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને આરોપીઓને રંગેહાથઝડપી પાડ્યા હતા. ટ્રેપ દરમિયાન લાંચની સંપૂર્ણ ૫ લાખની રકમ પણ કબજે લેવામાં આવી હતી. આ સમગ્ર મામલે ACB દ્વારા આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુ તપાસ ચાલુ છે.

### 150થી વધુનો સ્ટાફ આધુનિક સાધનો સાથે તૈનાત

# ગીરનાર જંગલમાં વન્યજીવોની ગણતરીનો પ્રારંભ

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ વન વિભાગ દ્વારા ગિરનાર વન્યજીવ અભયારણ્યના ગહન જંગલ વિસ્તારમાં આજથી તૃણાહારી (શાકાહારી) પ્રાણીઓની વસ્તી ગણતરીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આજે અને આવતીકાલે (૯ અને ૧૦ જૂન) એમ સતત ૨ દિવસ સુધી ચાલનારી આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ ગિરનારની સમૃદ્ધ જૈવવિવિધતા અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા વન્યપ્રાણીઓની ચોક્કસ સ્થિતિનો વૈજ્ઞાનિક ડેટા મેળવવાનો છે. આ સત્તાવાર માહિતીના આધારે વન્યપ્રાણીઓના સંરક્ષણ અને રહેઠાણ વિકાસ માટેની આગામી યોજનાઓ વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. આ વન્યજીવ ગણતરીની કામગીરીને સફળ બનાવવા માટે જૂનાગઢ વન વિભાગના ટ્રેકર્સ, રોજમદારો, વનરક્ષકો (બીટ ગાર્ડ), ફોરેસ્ટર અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર્સ (RFO) સહિત આશરે ૧૫૦ જેટલા કર્મચારીઓનો વિશાળ સ્ટાફ જંગલમાં સક્રિયપણે જોડાયો છે. આ સમગ્ર પ્રક્રિયામાં સાસણ વન વિભાગના નિષ્ણાત અધિકારીઓનું ખાસ ટેકનિકલ માર્ગદર્શન મળી રહ્યું છે. ગણતરી માટે વૈજ્ઞાનિક રીતે માન્ય એવી 'લાઈન ટ્રાન્સેક્ટ' અને 'ડિસ્ટન્સ સેમ્પલિંગ' પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી પ્રાણીઓની સંખ્યા અને ઘનતાના એકદમ સચોટ અને વિશ્વસનીય આંકડાઓ પ્રાપ્ત થઈ શકે.

### વોર્ડ 1 ના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને થશે ફાયદો

# ગાંધીગ્રામની શાળા 90માં અંગ્રેજી અંગ્રેજી માધ્યમ શરૂ કરવા માંગ

## જૂની શાળાનું રિનોવેશન કરી ધો. 1 થી 8 શરૂ કરવા અપીલ : સ્થાનિક આગેવાન પરશોત્તમ પરમાણી દ્વારા શિક્ષણ સમિતિને લેખિત રજૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના વોર્ડ ૧ માં આવેલ ગાંધીગ્રામ વિસ્તારની જૂની શાળા નં ૯૦ માં ધોરણ ૧ થી ૮ નું અંગ્રેજી માધ્યમ શરૂ કરવા માટે શિક્ષણ સમિતિ સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે. આજના આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન ખૂબ જ જરૂરી બની ગયું છે. આ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પણ આધુનિક અને ગુણવત્તાયુક્ત અંગ્રેજી શિક્ષણનો પૂરતો લાભ મળે અને તેઓ અન્ય ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સાથે ખભેખભો મિલાવી શકે તેવા ઉમદા હેતુથી આ મહત્વની રજૂઆત કરાઈ છે.

ભારતી નગર શેરી ૨ માં રહેતા સ્થાનિક જાગૃત નાગરિક પરશોત્તમ પરમાણી દ્વારા કરણપરા સ્થિત શિક્ષણ સમિતિને એક વિસ્તૃત લેખિત અરજી પાઠવવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, શહેરના વોર્ડ ૧ માં આવેલ ગાંધીગ્રામ શેરી ૫-A માં જૂની શાળા નં ૯૦ આવેલી છે. નોંધનીય છે કે, વોર્ડ ૧ એ શહેરનો સૌથી મોટો અને સૌથી વધુ વસ્તી ધરાવતો વિસ્તાર છે. અહીં દૈનિક મજૂરી કરતા ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો ખૂબ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. આજના સમયમાં ખાનગી શાળાઓની તોતિંગ અને આસમાને પહોંચેલી ફી ભરી શકે તેવી આ વાલીઓની આર્થિક સ્થિતિ હોતી નથી. પરિણામે, તેજસ્વી હોવા છતાં ઘણા બાળકોને ફરજિયાતપણે સામાન્ય માધ્યમમાં અભ્યાસ કરવો પડે છે, જેનાથી તેમનો શૈક્ષણિક વિકાસ રૂંધાય છે.

આવા સંજોગોમાં આ વિસ્તારમાં એક સરકારી અંગ્રેજી માધ્યમની શાળાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે, જે વર્તમાન સમયની મોટી માંગ પણ છે. જેથી વહેલામાં વહેલી તકે આ જૂની શાળા નં ૯૦ નું જરૂરી રિનોવેશન કરીને તેને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવે અને તેમાં ધોરણ ૧ થી ૮ નું અંગ્રેજી માધ્યમ સત્વરે શરૂ કરવામાં આવે તેવી નમ્ર અરજ તંત્રને કરવામાં આવી છે. જો આ શાળા યોગ્ય માળખાકીય સુવિધાઓ સાથે શરૂ થશે તો વિસ્તારના સેંકડો બાળકોના ભવિષ્યને નવી અને સકારાત્મક દિશા મળશે, તથા ગરીબ વાલીઓ પરનો મોટો આર્થિક બોજ પણ હળવો થશે.

# વિછિયાના છાસિયા ગામે જુગારધામ પર પોલીસે દરોડો પાડતા પ્રૌઢનું હાર્ટએટેકથી મોત

**» પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ ખસેડયો : ૯ જુગારીની ધરપકડ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જીલ્લામાં દારૂ-જુગારના કેસો કરવાની સુચના અન્વયે વિંછીયા પોલીસે બાતમી આધારે છાસિયા ગામે રહેતા વિરમભાઈ મગનભાઈ વાસાણીના રહેણાંક મકાનમાં દરોડો પાડી જુગાર રમતા મકાન માલિક વિરમ મગનભાઈ વાસાણી, હેમંત છગનભાઈ સોલંકી, વિનુભાઈ નાજાભાઈ ચૌહાણ, લાખાભાઈ વજાભાઈ સોહલા, વલકુભાઈ લઘરાભાઈ સરવૈયા, અરવિંદભાઈ દાનાભાઈ મકવાણા, જેશાભાઈ મગનભાઈ વાસાણી, જેન્તીભાઈ ડાયાભાઈ વાસાણી, ભાભલુભાઈ રામભાઈ ચાવડા અને મુકેશ ઉર્ફે મુના કેશાભાઈ ઝાપડીયા સહિતના ૧૦ને ઝડપી કુલ ૯૬,૮૩૦ રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો હતો દરમ્યાન લાખાભાઈ સોહલાની તબિયત લથડતા પોલીસે તાકિદે સારવાર અર્થે વિછીયા સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા પરંતુ અહીં ટૂંકી સારવારમાં મૃત્યુ નિપજતા પીઆઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો પ્રાથમિક દ્રષ્ટિએ ગભરામણના કારણે હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાનું મનાઈ રહ્યું છે, પરંતુ ભવિષ્યમાં પોલીસની કાર્યવાહી સામે કોઈ આંગળી ન ચીંધાય કે અન્ય કોઈ ગંભીર આક્ષેપો ન થાય તે માટે લાખાભાઈના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.



# તમારો દિકરો જેલમાં ગયો છે? તેવું લગ્નમાં એક સંબંધીએ ગોપાલની મમ્મીને પુછ્યું, ઘરે આવી મમ્મી ખૂબ રડી હતી





ગોપાલના ઘરે નિશી અને મમ્મી-પપ્પાની સ્થિતિ વધુ ખરાબ હતી. જેલમાં રહેલા ગોપાલને તો કોઈના મેહણા સાંભળવા પડતાં નહોતાં. ગોપાલના પપ્પા દુકાને જાય, ત્યારે કોઈ અમસ્તુ જ તેમની સામે જોતું હોય; તો પણ પપ્પાને એવું લાગતું કે, ગોપાલ જેલમાં ગયો છે તેના કારણે આ લોકો તેમની સામે જોઈ રહ્યા છે. ટૂંકમાં તેમને લોકોની નજર પીડા આપવા લાગી હતી. ગોપાલના પપ્પાને હવે દરેક નજર શંકાશીલ લાગતી હતી. તેમને લાગી રહ્યું હતું કે, પાલનપુર છોડીને પાછા અમદાવાદ જતાં રહીએ. પણ મમ્મી એમને સમજાવતી હતી કે, ગોપાલ અહીંયા છે તો આપણે અમદાવાદ જઈને શું કરીશું?ગોપાલના પપ્પાએ તો ધંધાના કામ સિવાય બહાર જવાનું જ છોડી દીધું હતું. કોઈપણ સામાજિક પ્રસંગમાં તે આવવાની ના પાડી દેતા હતા. ગોપાલની મમ્મી સમજાવતી હતી કે, આમ સંબંધો કાપી નાખીએ તે બરાબર નથી. પણ પપ્પાનું મન તે માનવા જ તૈયાર નહોતું.અમદાવાદમાં એક સંબંધીને ત્યાં લગ્ન હતાં. ટપાલમાં આમંત્રણ આવ્યું હતું અને તેમનો ફોન પણ આવ્યો હતો. ગોપાલની મમ્મીએ કહ્યું, "આપણે ત્રણેય લગ્નમાં જઈ આવીએ."

પપ્પાએ કહ્યું, "મારે ધંધાનું કામ છે. આવી શકાશે નહીં. તમે અને નિશીને જઈ આવો." મમ્મીએ ગુસ્સે થતાં પૂછ્યું, "શું કામ છે?"પપ્પાએ મમ્મી સામે જોયા વગર જ કહ્યું, "એક ઉઘરાણી લેવા જવાની છે."મમ્મીએ ગુસ્સામાં જ કહ્યું, "ખોટું ન બોલો. તે દિવસે રવિવાર છે. સાચુ બોલોને... તમારે કેમ આવવું નથી? તમને કોઈ ગોપાલ વિશે પૂછશે, તેની શરમ આવે છે એટલે આવતા નથી."પપ્પાનો પણ પારો છટક્યો. તેમણે કહ્યું, "હા, હા મને શરમ આવે છે. તારા દિકરાએ પરાક્રમ કર્યું છે, તો શરમ તો આવેને?"બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. બંનેને શાંત પાડતાં નિશીએ કહ્યું, "જુઓ, આમ ગુસ્સે થવાનો અર્થ નથી. મમ્મી, પપ્પાને નથી આવવું તો કઈ વાંધો નહીં. ખરેખર એમને કંઈ કામ હશે. આપણે બંને અમદાવાદ જઈશું."

ગોપાલની કોઈપણ વાત નીકળે એટલે મમ્મી રડી પડતી હતી. નિશીને ખબર હતી કે, ગોપાલની ગેરહાજરીમાં પોતે જ તેમનો ગોપાલ છે.નિશી અને મમ્મી લગ્નમાં હાજરી આપવા અમદાવાદ ગયાં. પ્રસંગમાં આમ તો બધા જ, પણ ખાસ કરીને મહિલાઓ, તેમની સામે કંઈક જુદી જ નજરે જોઈ રહી છે. એવું નિશીના ધ્યાનમાં આવ્યું. નિશી કંઈ બોલી નહીં.

ગોપાલની મમ્મી કોઈ મહિલા સાથે વાત કરવા જાય, તે દરેક મહિલા "હમણાં આવું" એટલું કહીને જતી રહેતી. મમ્મીને પણ લોકોનો વ્યવહાર સમજાઈ રહ્યો હતો. તેણે નિશીને કહ્યું, "લગ્નની દોડધામમાં તો આવું થાય. કંઈ વાંધો નહીં. માઠું નહીં લગાડવાનું."

નિશી જાણતી હતી કે, મમ્મી ભલે કહી રહી હોય કે, માઠું નહીં લગાડવાનું; પણ મમ્મીને માઠું લાગી રહ્યું હતું. નિશી અને મમ્મીએ જમવાની ડિશ લીધી. તેઓ એકલાં ખૂણામાં જમી રહ્યાં હતાં. એવામાં બે મહિલા જમતાં જમતાં એમની પાસે આવી. પહેલાં મહિલાઓએ મમ્મી સાથે જ વાત કરી. નિશી એમને ઓળખતી નહોતી. મમ્મીએ ઓળખાણ કરાવતાં કહ્યું, "આ મારી નિશી. મારી વહુ છે."પેલી મહિલાએ નિશીને ઉપરથી નીચે સુધી જોઈ અને કહ્યું, બિચારીની જિંદગી ખરાબ થઈ ગઈ."મમ્મીએ નિશી સામે જોયું. નિશીને ખૂબ ગુસ્સો આવી રહ્યો હતો. મમ્મીએ એને ઈશારામાં જ કહ્યું, "ચૂપ રહેજે."મમ્મીએ વાત બદલવા માટે નિશીને આગંતુક મહિલાની ઓળખાણ આપતાં કહ્યું, "આ મીનાબહેન છે. ગોપાલના પપ્પાના ફોઈનાં દીકરી છે. મારાં નણંદ થાય છે."પણ મીનાબહેન પાછાં મૂળ મુદ્દા પર આવી ગયાં. "ભાભી, મેં સાંભળ્યું કે, ગોપાલ જેલમાં છે! મારો તો જીવ બળી ગયો. મૂઆને મારા ભાઈનો વિચાર જ ન આવ્યો!"નિશીને લાગ્યું કે, ડિશ પછાડીને ત્યાંથી નીકળી જાય. ગોપાલની મમ્મીએ કહ્યું, "ના બહેન. છોકરાનો તો કોઈ વાંક નથી."મીનાબહેને તરત કહ્યું, "છોકરાને માબાપનો વિચાર ન આવે તો કંઈ નહીં, (નિશી તરફ ઈશારો કરતાં ઉમેર્યું) આ ફૂલ જેવી છોકરીનો વિચાર તો કરવો જોઈતો હતો!"



પ્રશાંત દયાળ

ગોપાલની મમ્મીએ નશીને પૂછ્યું, "બેટા, જમવાનું પુરું થયું?""હા." નિશીએ માત્ર ટૂંકો અને મુદ્દાસરનો જ જવાબ આપ્યો."ચાલો બહેન, અમારે એસટી પકડવાની છે." મીનાબહેનને આટલું કહીને મમ્મી અને નિશી ત્યાંથી નીકળી ગયાં. ડિશ મૂકી, ચાંદલો લખાવી તરત બસ પકડવાં એસ.ટી. સ્ટેન્ડ આવી ગયાં.

મમ્મી બસમાં ગુમસુમ હતી. નિશીને સમજાતું હતું કે, મમ્મીને બહુ ખરાબ લાગ્યું છે. ખરેખર તો નિશીને પણ માઠું લાગ્યું હતું, પણ હમણાં નિશીને પોતાના કરતાં મમ્મીની ચિંતા વધારે હતી. આખા રસ્તે મમ્મી કંઈ બોલી નહીં. ઘરે આવીને એ ખુરશીમાં બેસી ગઈ. નિશી તેનાં માટે પાણી લઈ આવી. નિશીએ જોયું, તો મમ્મી રડી રહી હતી. નિશીએ પાણી ગ્લાસ બાજુ પર મૂક્યો અને નીચે બેસીને મમ્મીનો હાથ પકડતાં કહ્યું, "મમ્મી, રડશો નહીં. લોકો તો બોલ્યા કરે. આપણે એમનું સાંભળવાનું નહીં."આટલું બોલતાં બોલતાં નિશી પોતે પણ રડવા લાગી. મમ્મીએ નિશીનું માથું પોતાના ખોળામાં લીધું. બંને એકબીજાને બથ ભરીને ખૂબ રડ્યાં. મમ્મીએ નિશીને કહ્યું, "હવે મારો ગોપુ ન આવે ત્યાં સુધી આપણે ક્યાંય જવાનું નહીં."ત્યાં જ અચાનક ડોરબેલ વાગી. નિશીએ ફટાફટ આંખો લૂછી. મમ્મીએ પણ પાલવથી આંખો લૂછી. કદાચ પપ્પા આવ્યા હશે એમ વિચારતી નિશી ઝડપથી ઊભી થઈ અને દરવાજો ખોલ્યો. સામે એક યુવાન ઊભો હતો. નિશીએ તેને પહેલી વખત તેને જોયો હતો. નિશીના ચહેરા પર પ્રશ્નાર્થ હતો. કદાચ તેવી જ સ્થિતિ પેલા યુવાનની પણ હતી.તેણે ખચકાતાં સ્વરે નિશીને પૂછ્યું, "ગોપાલ છે?"નિશી જવાબ આપે એ પહેલાં મમ્મીએ અંદરથી પૂછ્યું, "કોણ છે બેટા?"પેલા યુવાને પણ મમ્મીનો અવાજ સાંભળ્યો. તેણે કહ્યું, "રાકેશ."નિશીએ પાછળ વળીને કહ્યું, "મમ્મી, કોઈ રાકેશભાઈ છે."મમ્મી એકદમ ઊભાં થયાં અને કહ્યું, "અરે, આવને રાકેશ."પેલો યુવાન અંદર આવ્યો. મમ્મીએ તેને બેસાડ્યો. નિશી પાણી લેવા ગઈ. તે પાણી આપી રહી હતી ત્યારે મમ્મીએ નિશીને પાછ્યું, "તું આને ઓળખતી નથી?"નિશીના ચહેરા પર ના હતી. મમ્મીએ કહ્યું, "અરે, ગોપુનો ભાઈબંદ છે. મહેસાણા રહે છે."રાકેશે કહ્યું, "આ નિશી છેને? મને ઓળખ્યો નહીં?"નિશીએ માથું હલાવી ના પાડી. રાકેશે કહ્યું, "આપણે મળ્યાં છીએ, પણ તમે મને ભૂલી ગયાં."મમ્મીએ નશીને કહ્યું, "ચા મૂક બેટા."નિશી રસોડામાં ગઈ. રાકેશની નજર અહીંતહીં ફરી રહી હતી. તેણે થોડીવાર પછી પૂછ્યું, "ગોપાલનો ફોન કેમ બંધ આવે છે? ઘણા દિવસથી તેને ફોન કરું છું."મમ્મી કંઈ બોલી નહીં. મમ્મીએ રસોડા તરફ નજર કરી. મમ્મીને મુંઝવણ હતી કે, શું કહું? સાચું કહું કે ખોટું? પણ ખોટું કેટલા દિવસ ચાલશે? મમ્મી વિચારમાં હતી ત્યાં નિશી ચાના બે કપ લઈને બહાર આવી. એક રાકેશને આપ્યો અને એક મમ્મીને. ત્રણેય વચ્ચે કોઈ સંવાદ નહોતો. નિશીએ રાકેશનો સવાલ સાંભળ્યો હતો. તેને ખબર હતી કે, જવાબ આપવો એ મમ્મી માટે મુશ્કેલ સ્થિતિ છે.નિશી હાથના બંને પંજા ચોળતાં કહ્યું, "રાકેશભાઈ, કદાચ તમને ખબર નથી, પણ ગોપાલ ત્રણ મહિનાથી જેલમાં છે.""ગોપાલ જેલમાં છે." આ વાક્ય સાંભળતા જ રાકેશના મોંએ માંડેલો ચાનો કપ હોઠથી દૂર થઈ ગયો. એણે અડધો કપ ટીપાઈ પર મૂકી દીધો. તેણે નિશી સામે જોયું અને પછી મમ્મી સામે. મમ્મીનો ચહેરો પડી ગયો હતો. નિશીએ રાકેશને પહેલેથી અત્યાર સુધીની તમામ વાત કહી. રાકેશ ચુપચાપ સાંભળતો રહ્યો. તેના ચહેરા પર કોઈ જ ભાવ નહોતો. તેને સમજાતું જ નહોતું કે, શું જવાબ આપે?રાકેશને પોતાને ગોપાલની પર પણ ગુસ્સો આવી રહ્યો હતો. એક વર્ષ પહેલાં રાકેશ પાસે ગોપાલ આવ્યો હતો. પૈસાની જરૂર છે તેમ કહી રૂપિયા લઈ ગયો હતો. છ મહિનામાં પાછા આપીશ તેવું પણ કહ્યું હતું. પણ પછી ગોપાલનો કોઈ જ કોન્ટેક્ટ નહોતો. રાકેશ ફોન કરતો ત્યારે એનો ફોન સ્વિચઓફ આવતો હતો. રાકેશ માની રહ્યો હતો કે, ગોપાલને પૈસા આપવા નથી એટલે ફોન બદલી નાખ્યો છે અથવા નંબર બ્લોક કરી દીધો છે. એટલે તે સીધો જ ગોપાલના ઘરે પહોંચ્યો હતો. પણ અહીંયા તો મામલો કંઈક જુદો જ હતો.માણસ અને મિત્ર તરીકે રાકેશને પણ ગોપાલ ગમતો હતો. પરંતુ તેણે જે કામ કર્યું અને જેના કારણે તેને જેલમાં જવું પડ્યું, તે સાંભળીને તેને ગોપાલ પર ખૂબ ગુસ્સો આવી રહ્યો હતો. આ કરતાં પહેલાં ગોપાલને પોતાના મા-બાપ કે નિશી અંગે પણ એક વખતેય વિચાર નહીં આવ્યો હોય!નિશીની વાત પૂરી થઈ. રાકેશ સ્તબ્ધ બનીને શાંત બેસી રહ્યો. મમ્મીની પાંપણો પણ ભરાઈ આવી. રાકેશ ઊભો થયો અને મમ્મીની આંખો સાફ કરતાં કહ્યું, "રડશો નહીં. હું પણ તમારો ગોપાલ જ છું. હું આવતો રહીશ."જતી વખતે તેણે નિશીને પોતાનો નંબર આપ્યો અને કહ્યું, "નિશી, કોઈપણ કામ હોય તો મને ફોન કરજે. હું આવી જઈશ." (ક્રમશ)

## જેતપુર પોલીસે મ્યુલ એકાઉન્ટ 2.0 અંતર્ગત

# 8 બેન્ક ખાતાધારકો વિરુદ્ધ બે ગુના નોંધી ત્રણને દબોચ્યા

- કેરાલા, સિક્કિમ, તમીલનાડું, આંધ્રપ્રદેશ, કર્ણાટક, હરિયાણા, મહારાષ્ટ્રના ફ્રોડના ગુનામાં પણ નામ ખુલ્યા
- બેન્ક ખાતા ભાડે આપનાર ખાતા ધરાકોને માત્ર 5000 કમિશન મળતું: ચેકથી પૈસા ઉપાડતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જીલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ સેલ તરફથી આવેલ મ્યુલ બેન્ક એકાઉન્ટની માહીતી આધારે કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સૂચના અન્વયે જેતપુર સીટી પોલીસે કણકીયા પ્લોટમાં આવેલ યુનીયન બેંક ઓફ ઇન્ડીયાના બેન્ક સ્ટેમેન્ટની વિગત મેળવતા, તે બેન્ક એકાઉન્ટ ધારક તુષાર શૈલેષ સાબરીયાના નામનું હોય, જેથી તુષારને બોલાવી અલગ અલગ સમયે કુલ ૮૩,૮૦૦ ઓનલાઇન ટ્રાન્સફર કરેલ હોય તે બાબતે પુછતા  જણાવેલ કે, મને મારા મિત્ર પ્રદિપ ભરત બાયલએ જણાવેલ કે, મારી પાસે સાયબર ફ્રોડની એક લિંક છે. તેના માટે તે બેન્ક એકાઉન્ટ શોધી રહ્યા છે. જો તું તારા બેંકના ખાતામાં રૂપીયા નખાવીશ, તો તને તેના બદલામાં ૫ હજાર મળશે. જેમાં આપડે બંનેને ૨૫૦૦ રૂપીયા મળશે જે બાદ મે મારા નામનું નવુ સિમકાર્ડ લીધું હતું અને હું અને પ્રદિપ યુનીયન બેંક ખાતે ગયેલ અને ત્યાં મારા નામનું નવું ખાતુ ખોલાવેલ હતુ. ખાતાની પાસબુક, એ.ટી.એમ. તથા સિમકાર્ડ પ્રદિપને આપ્યું હતું. પ્રદિપ તે એકાઉન્ટમાં રૂપીયા જમા કરાવતો હતો બેન્ક એકાઉન્ટ નંબર સમન્વય પોર્ટલમાં તપાસ કરતા તુષાર સાબરીયાના વિરૂધ્ધમાં મહારાષ્ટ્રના કાસરવાદવલ્લી પોલીસ સ્ટેશન, હરીયાણાના સોનીપત જીલ્લાના સાયબર પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડ થયેલની વિગત છે.



આ પછી પ્રદીપને બોલાવીને પુછપરછ કરતા પોતે પોતાનું નામ પ્રદીપ ભરત બાયલ હોવાનું જણાવેલ અને તુષારના એકાઉન્ટમાં આવેલ પૈસા બાબતે પુછતા જણાવેલ કે એકાદ વર્ષ પહેલાં સાડીના કારખાનામાં કામ કરતો હતો ત્યારે જામનગરના જયેશ પટેલ સાથે મિત્રતા થતા તેણે વાત કરેલ કે, મિત્ર હિમાંશુ પાસે સાયબર ફ્રોડ લીંક છે. તેણે બેંકના ખાતા જોઇએ છે. જો તારી પાસે બેંકના ખાતા હોય તો, તુ બેંકના ખાતા આપ, તેના બદલામાં તને એક ખાતા દિઠ રૂ. ૫૦૦૦ આપશે. જયેશે તેના મિત્ર હિંમાશુંના મોબાઇલ નંબર આપેલ હતા, જેથી તે નંબર પર ફોન કરી વાત કરતા તેણે કહેલ કે, તુ બેંકના ખાતા ખોલાવીને આપજે, તે ખાતામાં હું સાયબર ફ્રોડના રૂપીયા નખાવીશ. તેના બદલામાં ૫૦૦૦ નું કમીશન આપીશ. જે બાદ સાયબર ફ્રોડની લિંક શરૂ થઈ હતી.

આ ગુનામાં પોલીસે આરોપી તુષાર સાબરીયા અને પ્રદિપ બાયલની ધરપકડ કરી હતી. જ્યારે જામનગરનો જયેશ પટેલ અને હિમાંશુની શોધખોળ યથાવત રાખી છે. જ્યારે બીજા એક સાયબર ફ્રોડના ગુનામાં જેતપુરમાં તીનબતી ચોક પાસે આવેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની વિગત મેળવતા તે બેન્ક એકાઉન્ટ ધારક રવી રતી વાલાણીને બોલાવી પૂછતાછ કરી હતી ગઇ તા.૦૫ ના ૧૦,૬૬,૦૦૦ એ.ટી.એમ.થી તથા ચેકથી કેશ વિડ્રો કરી ઉપાડી લિધેલ હોય તે બાબતે પુછતા રવીએ જણાવેલ કે, મને મારા મિત્ર પ્રદિપએ ૫ હજારના કમીશનની લાલચ આપી તેના મિત્ર અજયના મોબાઇલ નંબર આપેલ હતા. બાદ અજયએ બેકના સહી કરેલા ચેક, ચેકબુક, એ.ટી.એમ. મોબાઇલ ફોન આપ્યા હતા બાદમાં બેંકના ખાતામાં રૂપીયા જમા થયા હતા.

# મહીકાના બે ખેડૂતોને કૂપન સ્ક્રેચ કરવાનું કહી 22,000 પડાવી લીધા

## આ વાતની કોઈને જાણ કરીશ તો તારો વારો કાઢીશું તેમ કહી ધમકી આપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ગામડાઓમાં વાડીએ જઈ ખેડૂતને અલગ અલગ ઈનામી ડ્રોના કુપન બતાવી કુપન સ્ક્રેચ કરશો તો ઇનામ આપવાની લાલચ આપી પરાણે રકમ પડાવી ખેડૂતોને ધમકી આપતી ગેંગ સક્રિય થઇ છે. આ મામલે આજી ડેમ પોલીસમાં બે ફરિયાદો નોંધાયા બાદ પોલીસે આ ગેંગને સકંજામાં લઈ પૂછતાછ શરૂ કરી છે.  મહીકા ગામે રહેતા ધીરૂભાઈ ગોબરભાઈ મોલિયાએ છ અજાણ્યા શખ્સો સામે આજી ડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે બે દિવસ પહેલા તે વાડીએ હતા ત્યારે આરોપીઓ ત્યાં આવ્યા હતા અને તેને ઇનામી ડ્રોના અલગ-અલગ કૂપનો બતાવી કૂપન સ્ક્રેચ કરશો તો અલગ-અલગ ઇનામ આપશું તેવી લાલચ આપી એક કૂપન સ્ક્રેચ કર્યું હતું. જેમાં મિકચર લાગેલ હતું. આથી બીજા ચાર કૂપન સ્ક્રેચ કરવા પડશે તેમ આરોપીએ કહેતા તેને ના પાડી હતી આથી આરોપીઓએ ગાળાગાળી કરી ૫૦ ટકામાં બધી વસ્તુઓ લેવી પડશે તેમ કહી તેના ખીસ્સામાંથી ૪ હજાર લઇ લીધા હતા. એટલું જ નહીં બાકીના ૧૮,૫૦૦ તેના ભાઈની ડેરીએથી અન્ય બે આરોપીઓ મારફત લેવડાવી લઇ છેતરપિંડી આચરી આ વાતની કોઈને જાણ કરીશ તો તારો વારો કાઢીશું તેમ કહી ધમકી આપી નાસી ગયા હોવાની ફરિયાદ નોંધાવી હતી.આ ઉપરાંત આવી જ રીતે મહીકામાં જ રહેતા ખેડૂત રમેશભાઈ શામજીભાઈ મોલિયાએ બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું કે આરોપીઓએ તેને પણ કૂપન બતાવી સ્ક્રેચ કરશો તો ઈનામ આપવાની લાલચ આપી હતી. એક કૂપન આરોપીઓએ સ્ક્રેચ કરી તેને ૨૨ હજાર આપવાનું કહેતા ના પાડી હતી.

# રાજકોટ સાયબર ક્રાઈમમાં 5 ખાતા ધારકો સામે ફરિયાદ નોંધાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સાયબર ક્રાઈમની ટીમને મળેલ મ્યુલ બેન્ક એકાઉન્ટની માહીતી આધારે રૈયા રોડ ઉપર રહેતા મયુર રાયસંગ ધરજીયા, ધોરાજીના વનરાજ જીતેન્દ્ર ચાવડા અને ધારીના જેનિલસિંહ પ્રકાસસિંહ પરમારએ આર્થીક લાભ મેળવવા પૂર્વ આયોજીત કાવતં રચી ફ્રોડના નાણાં પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી તગડું કમીશન મેળવતા સાયબર ક્રાઇમની ટીમે ગુનો નોંધી ત્રણેય શખ્સને સકંજામાં લઈ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા તજવીજ હાથ ધરી છે જયારે બીજા એક ગુનામાં મવડી ગોલ્ડ હાઈટ્સમાં રહેતા પેરિસકુમાર જેન્તી શીશાંગીયાને સકંજામાં લઈ તેના બેંક એકાઉન્ટની તપાસ કરતાં તેના એકાઉન્ટમાં ફ્રોડના ૩.૯૮ કરોડથી વધુની રકમ સાયબર ફ્રોડની જમા થઈ હોવાનું સામે આવ્યું હતું.

# ગોંડલમાં મામાએ ભાણેજની પથ્થરના ઘા ઝીંકી કરી હત્યા

» રિસામણે બેઠેલી દીકરી મુદ્દે નાના અને બે મામાએ સગીર ભાણેજની પથ્થરના ઘા ઝીકી કરી હત્યા

» ગોંડલમાં બનેલા બનાવ બાદ સુલતાનપુર પોલીસે આરોપીની પકડી આટકોટ પોલીસને સોંપી દીધો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલ પંથકમાં કૌટુંબિક ઝઘડાની અદાવતમાં એક ૧૩ વર્ષના નિર્દોષ બાળકનો ભોગ લેવાયો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એક મહિનાથી દીકરીથી અલગ રહેતા જમાઈને એક કરવાના ઈરાદે મહેમાનગતિએ ગયેલા વેવાઈ-વેવાણને મળવા ૩ લોકો સાથે પિયર પક્ષે પિતા દોડી ગયા હતા. જોકે, વેવાઈએ તેમના ઘરે આવીને વાત કરવા કહેતા વાત વણસી હતી. રોષે ભરાયેલા વેવાઈએ બાઈક પર જતાં વેવાઈ-વેવાણનો પીછો કર્યો હતો. ઓવરટેક કરીને બાઈક ઊભું રાખી પથ્થર માર્યો હતો જોકે, નાનાએ ફેંકેલો મોટો પથ્થર બાઈક પર પાછળ બેઠેલા




માસૂમને માથામાં વાગતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. મોટા દડવા ગામના ભનાભાઈ સોલંકીના પુત્ર અજયના લગ્ન ૩ વર્ષ પહેલાં બાબરાના અરવિંદ માતાસૂરિયાની પુત્રી ક્રિષ્ના સાથે થયા હતા. દંપતી વચ્ચેના અણબનાવને કારણે અજય છેલ્લા ૧ મહિનાથી પત્નીથી અલગ થઈને મોટા દડવા ખાતે પિતા સાથે રહેતો હતો.ઘટનાના દિવસે ભનાભાઈ સોલંકી, તેમની પત્ની હંસાબેન અને ૧૩ વર્ષનો નાનો પુત્ર નરેન્દ્ર કેશવાળા ગામે સંબંધીના ઘરે ગયા હતા. આ અંગે જાણ થતાં અજયના સસરા અરવિંદભાઈ અન્ય ૩ શખસ સાથે સમાધાનની વાતચીત કરવાના બહાને ત્યાં પહોંચ્યા હતા. સંબંધીના ઘરે ભનાભાઈએ સમાધાનની ના પાડી હતી અને કોઈ પણ ચર્ચા પોતાના ઘરે આવીને કરવા જણાવ્યું હતું. ત્યારબાદ તેઓ પરિવાર સાથે બાઈક પર ત્યાંથી નીકળી ગયા હતા.ભનાભાઈ સોલંકીના જણાવ્યા અનુસાર, તેઓ કેશવાળા ગામની બહાર નીકળ્યા ત્યારે અરવિંદભાઈએ આશરે ૮૦ કિમીની ઝડપે બાઈક ચલાવી તેમનો પીછો કર્યો હતો. રસ્તામાં ગાળો ભાંડીને બાઈક રોકવા માટે આડું નાખવાનો પ્રયાસ પણ કર્યો હતો. ભનાભાઈએ બાઈક આગળ કાઢી લેતાં, અરવિંદભાઈએ આગળ જઈને રસ્તા પરથી એક મોટો પથ્થર હાથમાં લીધો હતો. તેમણે ભનાભાઈને નિશાન બનાવીને પથ્થર ફેંક્યો હતો, પરંતુ તે પથ્થર ચુકી જઈને પાછળ બેઠેલા ૧૩ વર્ષના પુત્ર નરેન્દ્રના માથાના ભાગે વાગ્યો હતો.પથ્થર વાગતાં જ બાળક ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈ ગયો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર આપી નરેન્દ્રને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેણે દમ તોડી દીધો હતો.ઘટનાની જાણ થતાં જ સુલતાનપુર પોલીસ સ્ટેશનના PI જે.એ. ખાચર સહિતનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને ત્રણેયની ધરપકડ કરી આટકોટ પોલીસને કબ્જો સોંપ્યો હતો.



## વાયર-ભંગારની ચોરી કરનાર બેલડી ઝડપાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ નજીકના ખોખડદડ ગામે બે વાડીમાંથી કેબલની ચોરી કરનાર બે શખ્સોને પોલીસે ઝડપી લીધા છે પોલીસે કોઠારીયા સોલ્વન્ટમાં રહેતા પ્રકાશ ભરત કટેશીયા અને કરશન ઉર્ફે ઉદય હમીર મકવાણાને આજી ડેમ પોલીસે ઝડપી લીધા છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી ૧૩,૬૦૦નો કેબલ અને ગુનામાં વપરાયેલી રિક્ષા કબજે કરી છે પ્રાથમિક પૂછપરછમાં બીજા નવ સ્થળેથી વાયર અને ભંગારની ચોરી કર્યાની કબૂલાત આપી છે જેમાં શાપર, જસદણ તાલુકાના લીલાપુર, જખરાપીર વાડી વિસ્તાર, ગૌરીદળ, વાંકાનેર, પાળ ગામ, છાશીયા ગામ અને ગોંડલના વાડી વિસ્તારનો સમાવેશ થાય છે કરશન સામે ચોરીના પાંચેક ગુના નોંધાયા છે. બંને આરોપીઓ રિક્ષા ડ્રાઈવિંગ કરે છે. જે ચોરીની કબૂલાત આપી છે તેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં ફરિયાદ નોંધાઈ નથી.

## કેન્ટીનના સંચાલકના ઘરમાંથી ભાઈનો સાળો 4.40 લાખ ચોરી ગયો

### પોપટપરાની રઘુનંદન સોસાયટીમાં બનેલા બનાવ અંગે ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પોપટપરા પાસેના રઘુનંદન સોસાયટીમાં રહેતા અને રેલ્વેમાં કેન્ટીન ચલાવતા યુવકના મકાનમાં રહેતો ભાઈનો સાળો નજર ચુકવી મકાનમાંથી ૪.૪૦ લાખની રોકડની ચોરી કરી નાસી જતા પ્રનગર પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

મુળ એમપીના અને પોપટપરાની રઘુનંદન સોસાયટીમાં રહેતા તેમજ રેલ્વે જંકશનમાં કેન્ટીન ચલાવતા બીપીનભાઈ રામપ્રસાદ ગુપ્તાએ યુપીના તેના ભાઈના સાળા પવન ઉર્ફે ભોલો મદનલાલ ગુપ્તા સામે ૪.૪૦ લાખની ચોરી અંગે પ્રનગર પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે છેલ્લા પાંચેક વર્ષથી તેના ભાઈ સાથે કેન્ટીન ચલાવતા હોય અને બે વર્ષથી કામ માટે તેના મોટા ભાઈનો સાળો પવન આવ્યો હતો અને કામ કરતો હતો ગત તા.૫ના રોજ તેના ઘરે ૪.૪૦ લાખની રોકડ ભરેલ બેગ ઘરના સભ્યોની હાજરીમાં તિજોરીમાં રાખી હતી જેની તેના ભાઈના સાળાને જાણ હોય બીજા દિવસે બપોરે કેન્ટીન ઉપર હતા ત્યારે ભાભી રાધાબેનએ ફોન કરી ઘરે બોલાવ્યા હતા અને પવન ઉર્ફે ભોલો ઘરેથી નાસી ગયો હોવાનુ જણાવતા તેને તપાસ કરતા તીજોરીમાં રાખેલા રોકડ પણ ગાયબ હોય અને ફોન કરતા પવનનો ફોન સ્વીચ ઓફ આવતો હોય ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે કે ચાવડાએ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

નવી દવાઓના સંશોધન જેવા ફાયદા સામે માનવ નિયંત્રણનો મોટો પડકાર

# જ્યારે AI પોતે AI બનાવવાનું શરૂ કરશે ત્યારે શું થશે?

## Anthropic કંપની દ્વારા AI ના સ્વયં વિકાસ અંગે ગંભીર ચેતવણી માનવ બુદ્ધિએ પોતાની જ રચનાથી એક પગલું આગળ રહેવું પડશે

સિટી ન્યૂઝ@રાજકોટ

એક સમય હતો જ્યારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) માત્ર વિજ્ઞાન કથાઓ પૂરતું સીમિત હતું, પરંતુ આજે ChatGPT, Claude અને Gemini જેવા ટૂલ્સ રોજિંદા જીવનનો હિસ્સો બની ગયા છે. આ બધા વચ્ચે એક નવો અને ગંભીર પ્રશ્ન ઉભો થયો છે કે જો AI પોતે જ નવી AI બનાવવાનું શરૂ કરી દે તો ભવિષ્ય કેવું હશે? આ મુદ્દે નેશનલ ઇકોનોમિક ફોરમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જગદીપ રાણાએ એક વિસ્તૃત અહેવાલમાં ભવિષ્યની ચિંતા અને શક્યતાઓ રજૂ કરી છે.

અમેરિકાની અગ્રણી AI કંપની Anthropic એ તાજેતરમાં આ મુદ્દે ચેતવણી આપી છે. કંપનીના જણાવ્યા અનુસાર, તેમની Claude સિસ્ટમ હાલમાં મોટાભાગના સોફ્ટવેર કોડ લખવામાં મદદ કરી રહી છે. આનો અર્થ એ છે કે AI હવે માત્ર પ્રશ્નોના જવાબ આપતું સાધન નથી, પરંતુ નવી ટેક્નોલોજી વિકસાવવામાં સક્રિય ભાગ ભજવી રહ્યું છે.

જ્યારે એક AI વધુ સક્ષમ AI બનાવે અને આ પ્રક્રિયા સતત ચાલતી રહે, ત્યારે તેને વૈજ્ઞાનિક ભાષામાં "Recursive Self-Improvement" કહેવામાં આવે છે. આ પ્રક્રિયાના



જગદીપ રાણા
એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, નેશનલ ઇકોનોમિક ફોરમ
9311190012

બે પાસાં છે. સકારાત્મક રીતે જોઇએ તો તેનાથી નવી દવાઓનું સંશોધન, કેન્સર જેવી બીમારીઓના ઉપચાર અને પર્યાવરણ સંબંધિત સમસ્યાઓના ઉકેલ ખૂબ ઝડપથી મળી શકે છે. જટિલ વૈજ્ઞાનિક પ્રશ્નોના જવાબો મહિનાઓને બદલે કલાકોમાં મળી શકે છે, જે માનવજાત માટે ક્રાંતિ સમાન બની શકે છે.

જોકે, આની સામે ગંભીર જોખમો પણ રહેલા છે. જો AI માનવ સમજ અને નિયંત્રણની બહાર જઈને પોતાના નિર્ણયો જાતે લેવા માંડે અને તેના ઉદ્દેશો માનવ હિતોથી અલગ થઈ જાય, તો તે નુકસાનકારક સાબિત થઈ શકે છે. Anthropic નું માનવું છે કે AI ના વિકાસની ગતિ એટલી ઝડપી છે કે જો તેને સ્વયં સુધારવાની ક્ષમતા મળી જાય, તો સરકારો અને સામાજિક સંસ્થાઓ તેની સાથે તાલમેલ સાધી શકશે નહીં. તેથી, વિશ્વની મોટી કંપનીઓ વચ્ચે સહમતિ હોવી જરૂરી છે જેથી જરૂર પડ્યે આ વિકાસની ગતિને ધીમી કરી શકાય અથવા સમયસર રોકી શકાય.

હાલના તબક્કે AI પાસે માનવ જેવી સ્વતંત્ર ઇચ્છા કે ચેતના નથી, પરંતુ ૫ વર્ષ પહેલાં જે બાબતો અશક્ય લાગતી હતી તે આજે સામાન્ય બની ગઈ છે. આથી વાસ્તવિક પ્રશ્ન એ નથી કે AI દુનિયા પર કબજો કરશે કે નહીં, પરંતુ એ છે કે શું માનવજાત AI ની વધતી શક્તિને સમજવા અને નિયંત્રિત કરવા માટે પૂરતી તૈયાર છે?

કૃષિ, ઔદ્યોગિક અને ડિજિટલ ક્રાંતિ બાદ AI ને આગામી સૌથી મોટી ક્રાંતિ માનવામાં આવે છે. પરંતુ માનવ ઇતિહાસમાં પ્રથમ વખત એવું બની રહ્યું છે કે માનવજાતે બનાવેલું એક સાધન પોતાની જાતને વધુ શક્તિશાળી બનાવવામાં મદદ કરી શકે. આથી, માનવ બુદ્ધિ પોતાની જ રચનાથી એક પગલું આગળ રહી શકશે કે કેમ તે ટેક્નોલોજીનો નહીં, પરંતુ અસ્તિત્વનો સૌથી મોટો પ્રશ્ન છે.



## ધીરેન્દ્ર શાસ્ત્રી બાગેશ્વર બાબા ના આશીર્વાદ મેળવતા જૈન ભાજપ અગ્રણી મયુર શાહ

તાજેતરમાં રેસકોર્સ ગ્રાઉન્ડ રાજકોટ ખાતે ત્રણ દિવસની સનાતન સેતુ હનુમંત કથાનું આયોજન સનાતન સમિતિ દ્વારા કરવામાં આવેલ ત્યારે જૈન અને ભાજપ અગ્રણી મયુરભાઈ શાહ એ ધીરેન્દ્ર શાસ્ત્રી બાગેશ્વર બાબાના આશીર્વાદ પ્રાપ્ત કરેલ. બાગેશ્વર બાબાએ ઉષ્માભર્યા હાથે થી આશીર્વાદ પાઠવેલ.

# સૌરાષ્ટ્ર કલાકેન્દ્રમાં બુધવારે ધ્યાન યોગ શિબીરનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

ધ્યાન યોગ મન, શરીર અને આત્માને સંતુલિત રાખવાનુ એક શક્તિશાળી સાધન છે નિયમીત ધ્યાન કરવાથી મન શાંત રહે છે, એકાગ્રતા વધે છે અને જીવનમાં સકારાત્મકતા આવે છે એ બાબતને ધ્યાને લઈ સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર માર્ગ નં. ૨ ઉપર આવેલ સુપ્રસિધ્ધ શ્રી સોમેશ્વર મહાદેવ મંદિરે તા.૧૦-૦૬-૨૦૨૬ ને બુધવારે સવારે ૬:૩૦ થી ૭:૦૦ ધ્યાન યોગ શિબીરનું આયોજન કરેલ છે. જેમાં પ્રોફેસર લલીતભાઈ ચંદે શિબીરાર્થીઓને ધ્યાન યોગ કરાવશે. આ શિબીર અંગે વધુ માહિતી આપતા સામાજીક અગ્રણી રાજુભાઈ જુંજાએ જણાવ્યુ હતુ કે ધ્યાન યોગ માત્ર આંખો બંધ કરવાની ક્રિયા નથી પરંતુ પોતાના અંતરાત્મા સાથે જોડવાનો માર્ગ છે શાંત મન જ સુખી જીવનનો આધાર છે એટલા માટે દરેક વ્યકિતએ દરરોજ ધ્યાન માટે થોડો સમય ફાળવવો જોઈએ. ધ્યાન યોગ શિબીરમાં ભાઈઓ-બહેનોને પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે

# રાજકોટમાં 16 જૂનથી જીનીયસ કપ ફૂટબોલ ટુર્નામેન્ટ યોજાશે

» U-14, U-17 અને સિનિયર બહેનો માટે સ્પર્ધા, જિલ્લા ટીમની પસંદગી પણ થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન (DFA) દ્વારા જીનીયસ સ્કૂલ તથા ઉસ્માનભાઈ બેલીમના પ્રાયોજકત્વ હેઠળ ૧૬ જૂન, ૨૦૨૬થી જીનીયસ કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં U-૧૪, U-૧૭ અને સિનિયર બહેનોની ઓપન ફૂટબોલ સ્પર્ધાઓ યોજાશે.

એસોસિએશન દ્વારા જણાવાયું છે કે ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઇચ્છુક ટીમો અને ખેલાડીઓએ ૧૫ જૂન, ૨૦૨૬ સુધીમાં પોતાની એન્ટ્રી નોંધાવવાની રહેશે.

U-૧૪ વિભાગમાં ૧ જાન્યુઆરી, ૨૦૧૩થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ વચ્ચે જન્મેલ ખેલાડીઓ ભાગ લઈ શકશે. U-૧૭ વિભાગમાં ૧ જાન્યુઆરી, ૨૦૧૧થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨ વચ્ચે જન્મેલ ખેલાડીઓ પાત્ર રહેશે. જ્યારે સિનિયર વિભાગમાં ૧ જાન્યુઆરી, ૨૦૧૦ અથવા તે પહેલાં જન્મેલ ખેલાડીઓ ભાગ લઈ શકશે.

ટુર્નામેન્ટમાંથી રાજકોટ જિલ્લા મહિલા ફૂટબોલ ટીમ માટે ખેલાડીઓની પસંદગી પણ કરવામાં આવશે, જેથી પ્રતિભાશાળી ખેલાડીઓને આગળ વધવાની તક મળશે.

ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ગુણવંતરાય ડેલાવાળા, ડી. વી. મહેતા, ઉસ્માનભાઈ બેલીમ અને બી. કે. જાડેજાના માર્ગદર્શન હેઠળ એસોસિએશનના હોદ્દેદારો તૈયારીઓ કરી રહ્યા છે.

એન્ટ્રી માટે રોહિત બુંદેલા ૯૪૦૯૩ ૦૩૪૯૪ અથવા આશિષ ગુરૂંગ ૯૩૨૮૯ ૩૪૨૦૦ નો સંપર્ક કરવો.




# અમદાવાદમાં એજ્યુકેશન ગ્રુપ દ્વારા 500 તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા પાલડી સ્થિત ટાગોર હોલ ખાતે ભવ્ય "તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ ૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ટોચના ૫૦૦ વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સંસ્થાની વાર્ષિક એજ્યુકેશન ડાયરી ૨૦૨૬ નું વિમોચન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને ઉપયોગી કારકિર્દી માર્ગદર્શન અને શૈક્ષણિક માહિતીઓનો સમાવેશ કરાયો છે.

આ પ્રસંગે ઉપસ્થિત ભાગવત કથાકાર પૂજ્ય ચૈતન્ય શંભુ મહારાજ અને ઈન્ટરનેશનલ કથાકાર પૂજ્ય ડૉ. લંકેશ બાપુએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર કારકિર્દી ઘડવા પૂરતું સીમિત નથી, પરંતુ સારા સંસ્કાર, રાષ્ટ્રપ્રેમ, માનવતા અને સનાતન મૂલ્યોને જીવનમાં ઉતારવા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે.

અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના ચેરમેન વિજય મારૂએ તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે આજના યુગમાં શિક્ષણ એ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સામાજિક જાગૃતિ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા વિકસાવવાનું શક્તિશાળી માધ્યમ છે. જ્યારે સંસ્થાના પ્રમુખ રાકેશ પરમારે ગ્રુપ દ્વારા વર્ષ દરમિયાન યોજાતા એન્જોય એક્ઝામ, કારકિર્દી માર્ગદર્શન વર્કશોપ અને ટીચર્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે સન્માનિત ૫૦૦ વિદ્યાર્થીઓએ એકસાથે પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ ગ્રહણ કર્યો હતો. ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન્સના ચેરમેન હેમાંગ રાવલે વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ, પાણી બચાવ અને સ્વચ્છતા જાળવવાના શપથ લેવડાવી "ગ્રીન એમ્બેસેડર અભિયાન" માં જોડાવા આહવાન કર્યું હતું. નોલેજ પાર્ટનર તરીકે JG યુનિવર્સિટીના કાસીફ અબ્બાસી અને તેમની ટીમ વિશેષ ઉપસ્થિત રહી હતી.

આ સમારંભમાં વાઈસ ચેરમેન સતીશ શાહ, ઝકૃત આચાર્ય, સમીર ગજ્જર, સુહાગ પંચાલ, રઉફ અલી સૈયદ, બિપિન ખંડવી, મનીષ વી. પંચાલ, સંદીપ ત્રિવેદી, સરજુ ચૌહાણ, સંજય પરમાર, રામ આહિર સહિતના કમિટી સભ્યો અનિલ ડાંગી, અમિત રાજપુત, દિપક પરમાર, મેહુલ ચૌહાણ, હેમંત ચૌહાણ, મુકેશ ગાંગાણી અને ચિંતન શાહ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એસ. આઈ. ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.


પ્રમુખ
ડોક્ટર એમ.વી વેકરીયા


સેક્રેટરી
ડોક્ટર કિશોર દેવલીયા


ચેરમેન
ડોક્ટર નરેન્દ્ર વિસાણી


વાઈસ પ્રેસિડન્ટ
ડોક્ટર મહેશ શિંગાળા


વાઈસ પ્રેસિડન્ટ કોપૅરિટર
ડોક્ટર શૈલેષ વસાણી

# રાજકોટ આયુષ ડૉક્ટર્સ ફેડરેશનના પ્રમુખપદે ડૉ. વેકરિયાની વરણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ આયુષ ડૉક્ટર્સ ફેડરેશનના વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેના નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂક કરાઈ છે. ૧૪૦૦ સભ્ય ડૉક્ટરો ધરાવતા આ સંગઠનના પ્રમુખ પદે સતત બીજી વખત જાણીતા પ્રોક્ટોલોજિસ્ટ ડૉ. એમ.વી. વેકરિયાની વરણી થઈ છે. આ સાથે સંગઠનને વધુ કાર્યશીલ અને મજબૂત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરાયો છે. નવી કારોબારીમાં સેક્રેટરી પદે ડૉ. કિશોર દેવલિયા, ચેરપર્સન ડૉ. નરેન્દ્ર વિસાણી, વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. મહેશ શિંગાળા, સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. શૈલેષ વસાણી અને ટ્રેઝરર તરીકે ડૉ. સમીર ખૂંટની નિમણૂક કરાઈ છે. જોઈન્ટ સેક્રેટરી તરીકે ડૉ. દેવેશ દોશી અને ડૉ. ભાવેશ પરમાર ઉપરાંત અન્ય ૬ ડૉક્ટરોની કારોબારી સભ્યો તરીકે વરણી થઈ છે. નોંધનીય છે કે, છેલ્લા ૧૫ વર્ષથી ફેડરેશનમાં ચૂંટણી વિના માત્ર પરસ્પર સંમતિથી જ હોદ્દેદારો નિમાય છે. ફેડરેશન દ્વારા સમાજ માટે વિનામૂલ્યે આરોગ્ય કેમ્પ, કુપોષિત બાળકો માટેના કાર્યક્રમો તથા વિવિધ રોગ-નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ડૉક્ટરોને આધુનિક સારવાર પદ્ધતિઓથી માહિતગાર કરવા વાર્ષિક CME પ્રોગ્રામ પણ યોજાય છે. 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર' ના મંત્ર સાથે કાર્યરત આ સંસ્થા તબીબોની શારીરિક ફિટનેસ માટે ક્રિકેટ મેચ અને મેરેથોન જેવી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સનું નિયમિત આયોજન કરે છે. સંગઠનનો મુખ્ય ઉદ્દેશ્ય ડૉક્ટરોને પડતી મુશ્કેલીઓનું એકજૂટ થઈને નિવારણ લાવવાનો છે.

# શુકલ પીપળીયા ગામે બે સંતાનોની માતાનો ઝેરી દવા પી આપઘાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ તાલુકાના શુકલ પીપળીયા ગામે રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવને પગલે બે માસુમ દિકરાએ માતા ગુમાવી દીધી છે.

કુવાડવા તાબેના શુકલ પીપળીયા ગામે રહેતી કાજલબેન અનિલભાઈ ઝીંઝુવાડીયા ઉ.૨૫ નામની પરિણીતાએ સાંજે ઝેરી દવા પી લેતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ સારવાર દરમિયાન મોડી રાતે મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. કુવાડવા રોડ પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર કાજલબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં બે દિકરા છે. પતિ અનિલભાઈ છુટક મજૂરી કરે છે. તેણીના માવતર પણ શુકલ પીપળીયા ગામે રહે છે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

# વડાપ્રધાન મોદીનો નવો કીર્તિમાન ઉદય કાનગડે પાઠવી શુભેચ્છા

» વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ ૪૩૯૯ દિવસનો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતના લોકશાહી ઈતિહાસમાં ૧૦ જૂન ૨૦૨૬ નો દિવસ ઐતિહાસિક બની ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૩૯૯ દિવસનો કાર્યકાળ પૂર્ણ કરી જવાહરલાલ નહેરુના ૪૩૯૮ દિવસના રેકોર્ડને તોડ્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ધારાસભ્ય ઉદય કાનગડે વડાપ્રધાનને શુભેચ્છા પાઠવી ૧૨ વર્ષના શાસનને વિકાસનો સુવર્ણ યુગ ગણાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે આ સિદ્ધિ માત્ર આંકડો નહીં, પણ જનતાનો અતૂટ વિશ્વાસ છે. મોદી સરકારે ૧૨ વર્ષમાં જનધન, ઉજ્વલા, આયુષ્માન અને આવાસ યોજના થકી અંત્યોદયને સાકાર કર્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઐતિહાસિક કામગીરી થતાં એરપોર્ટ ૭૪ થી ૧૬૦, બંદરોની ક્ષમતા ૮૦૦ થી ૨૭૬૦ MTPA અને વીજ ઉત્પાદન ૨૪૯ થી ૫૨૦ ગીગાવોટ સુધી પહોંચ્યું છે. આ સરકારે કલમ ૩૭૦ નાબૂદી, રામ મંદિર નિર્માણ અને ત્રિપલ તલાક વિરુદ્ધ કાયદા જેવા ઐતિહાસિક નિર્ણયો લીધા છે. ઉપરાંત, કોરોના રસીકરણ, ચંદ્રયાન-૩ અને G-૨૦ આયોજન થકી ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા અનેકગણી વધી છે. અંતમાં કાનગડે જણાવ્યું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્ય સાથે દેશ મક્કમતાથી આગળ વધી રહ્યો છે. આ ઐતિહાસિક કાર્યકાળ ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓની સફળતાનું સાચું પ્રતીક છે.



# રાજકોટ મશીનરી ડીલર્સ એસો.નો સ્નેહમિલન સમારોહ સંપન્ન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશન દ્વારા પાટીદાર ચોક સ્થિત સહજાનંદ વિલેજ ખાતે ગેટ-ટુ-ગેધર અને સ્નેહમિલન જમણવારનો કાર્યક્રમ ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વેપારી સભ્યો અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં રિસોર્ટ જેવા ખુશનુમા વાતાવરણમાં સભ્યોએ પરિવાર સાથે આનંદ માણ્યો હતો. વિશેષ કરીને મહિલાઓની નોંધપાત્ર ઉપસ્થિતિ જોવા મળી હતી. હળવા વાતાવરણમાં વેપારીઓએ એકબીજા સાથે બિઝનેસ વિશે વિચારોની આપ-લે કરી હતી અને સૌને અનુકૂળ પસંદગીના ભોજનનો આસ્વાદ માણ્યો હતો. એસોસિએશનની કારોબારી સમિતિએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ પરિવારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એસોસિએશનના પ્રમુખ જયંતિ ટીલવા, માનદ મંત્રી અશ્વિન પટેલ, ઉપપ્રમુખ જીતેન્દ્રકુમાર મહેતા, સહમંત્રી મુકેશ વડગામા, ટ્રેઝરર પ્રકાશ કોરડીયા તેમજ કારોબારી સભ્યો પિયુષ પટેલ, પ્રકાશ અંબાણી, રાકેશ રૂપારેલ, વિપુલ કણસાગરા, જીતેશ પરસાણીયા, વરૂણ પટેલ, નિલેશ પનારા અને અતુલ ફુવારદીયાએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર અશ્વિન પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશને ૭૫ વર્ષ પૂર્ણ કરીને ૭૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ટ્રેડિંગ કરતા જે વેપારીઓ આ અગ્રણી એસોસિએશનના સભ્ય બનવા ઈચ્છતા હોય, તેમના માટે વાર્ષિક ફી રૂ. ૫૦૦ અને ત્રિવાર્ષિક ફી રૂ. ૧૫૦૦ નક્કી કરવામાં આવી છે. સભ્યપદ મેળવવા માટે સંસ્થાના માનદ મંત્રી અશ્વિન પટેલનો સંપર્ક (મોબાઈલ નંબર 9825195955) કરવા જણાવાયું છે.

# નોટરી નિમણૂક અને ઈ-સ્ટેમ્પ લાયસન્સ માટે CMને રજૂઆત

» બાકી રહેલા 142 વકીલોની નોટરી તરીકે નિમણૂક કરવાની માંગ

» સ્ટેમ્પ પેપરની અછત દૂર કરવા ઈ-સ્ટેમ્પ લાયસન્સ આપવા અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત રાજ્યમાં નોટરી નિમણૂક અને ઈ-સ્ટેમ્પ પેપર લાયસન્સની પેન્ડિંગ પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા યુવા લોયર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશનના કન્વીનર હેમાંશુ પારેખ અને પ્રમુખ કિરીટ નકુમે વકીલો તથા સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓ અંગે વિગતવાર આવેદન પાઠવ્યું છે. કાયદા વિભાગ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૧ માં આશરે ૧૫૦૦ જેટલા નોટરીની નિમણૂક અંગે જાહેરાત કરાઈ હતી. વર્ષ ૨૦૨૨ માં સચિવાલય ખાતે ઈન્ટરવ્યુ લેવાયા બાદ નવેમ્બર ૨૦૨૫ માં ૧૫૧૮ નોટરીઓને નિમણૂક અપાઈ હતી. જોકે, ટેકનિકલ કારણોસર હજુ પણ ૧૪૨ જેટલા લાયક વકીલોની નિમણૂક બાકી રહી ગઈ છે. એસોસિએશને આ બાકી રહેલા વકીલોની નિમણૂક અંગેની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવા માંગ કરી છે. આ ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૨ વર્ષમાં ૯૬૦૧ નોટરીઓને નોટરી લાયસન્સ ઈસ્યુ કરાયા છે. પરંતુ ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી નવા ઈ-સ્ટેમ્પ લાયસન્સ આપવાની પ્રક્રિયા બંધ છે. પ્રવર્તમાન સમયમાં દસ્તાવેજી કામકાજ માટે સ્ટેમ્પ પેપરની ભારે



કિરીટ નકુમ - એડવોકેટ



હેમાંશુ પારેખ- એડવોકેટ

જરૂરિયાત રહે છે અને તે ઓનલાઈન ઈ-સ્ટેમ્પ સ્વરૂપે જ મળે છે. નવા લાયસન્સ ન મળવાને કારણે પૂરતા પ્રમાણમાં સ્ટેમ્પ પેપર વેન્ડરો ઉપલબ્ધ નથી, જેથી સામાન્ય જનતાને સ્ટેમ્પ પેપર મેળવવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વકીલો અને સામાન્ય જનતાની આ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તાત્કાલિક નવા ઈ-સ્ટેમ્પ લાયસન્સ આપવા માટે યુવા લોયર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપરાંત મંત્રી હર્ષ સંઘવી, કાયદા મંત્રી કૌશિક વેકરિયા, ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને રત્નાકર સહિત લીગલ સેલના હોદ્દેદારો સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.




# ગોગા મહારાજ પરિવાર દ્વારા રાજકોટમાં ભવ્ય રક્તદાન કેમ્પ

## કોઠારિયા વિસ્તારમાં 400 થી 500 બોટલ રક્ત એકત્રિત કરવાનો લક્ષ્યાંક

### પૂજ્ય મુકેશ ભુવાજી અને સેવક સમિતિ દ્વારા માનવતાવાદી આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજના અત્યાધુનિક તબીબી યુગમાં અકસ્માત, ગંભીર બીમારીઓ કે સર્જરી જેવી મેડિકલ ઈમરજન્સીના સમયે રક્તની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. આ જીવનરક્ષક જરૂરિયાતને પહોંચી વળવા અને અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન પ્રદાન કરવાના ઉમદા આશયથી રાજકોટના કોઠારિયા વિસ્તારમાં એક ભગીરથ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સેવાકાર્ય આયરના ગોગા મહારાજ પરિવાર (શિયોર - ગ્રીનવુડ) અને સેવક સમિતિ દ્વારા પૂજ્ય મુકેશ ભુવાજીના સીધા માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ યોજાવા જઈ રહ્યું છે, જે સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે. આયોજકો દ્વારા આ મેગા કેમ્પમાં અંદાજે ૪૦૦ થી ૫૦૦ બોટલ જેટલું રક્ત એકત્રિત કરવાનો વિશાળ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે થેલેસેમિયા પીડિત બાળકો અને ગંભીર દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે પૂજ્ય મુકેશ ભુવાજી માત્ર આ રક્તદાન શિબિર પૂરતા સીમિત નથી, પરંતુ તેઓ નિરંતર ગૌસેવા, પર્યાવરણ જતન અને ભવ્ય મહાયજ્ઞ જેવા બહુવિધ લોક કલ્યાણના કાર્યોમાં પણ હંમેશાં અગ્રેસર ભૂમિકા ભજવે છે. તેમના માર્ગદર્શન હેઠળ જ અમદાવાદના ગ્રીનવુડ સ્થિત ગોગા મહારાજના મંદિરે દર્શનાર્થીઓ માટે દર શનિ અને રવિવારે નિશુલ્ક ભોજન પ્રસાદની અવિરત વ્યવસ્થા ચલાવવામાં આવે છે, જે ભૂખ્યાને ભોજન આપવાની ભારતીય સંસ્કૃતિની પરંપરાને જીવંત રાખે છે. આ રક્તદાન શિબિર આગામી ૧૦ જૂન, ૨૦૨૯ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાથી શરૂ થઈને રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી કોઠારિયા મેઈન રોડ પર, બીલીપત્ર પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા પિતૃકૃપા બિલ્ડિંગ મટિરિયલ સપ્લાયર્સ ખાતે યોજાશે. આ સમયગાળો ખાસ કરીને નોકરી કે વ્યવસાય કરતા લોકોની અનુકૂળતા ધ્યાનમાં રાખીને નક્કી કરાયો છે. રક્તદાતાઓને આવવા-જવામાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે અને તેઓ સુરક્ષિત રીતે રક્તદાન કરી શકે તે હેતુથી સ્થળ પર લાવવા અને પરત મૂકવા જવાની ખાસ વાહન વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી છે. આ પુણ્યકાર્યને ઐતિહાસિક સફળતા અપાવવા માટે સમગ્ર રાજકોટના સેવકો દિવસ-રાત ભારે જહેમત ઉઠાવીને પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. રક્તદાન શિબિર અંગેની કોઈપણ વધુ માહિતી મેળવવા અથવા વાહન સુવિધાનો લાભ લેવા ઈચ્છુક

> **રક્તદાતાઓ માટે સ્થળ પર લેવા–મૂકવા સહિતની ખાસ સુવિધા**

રક્તદાતાઓ હેલ્પલાઇન નંબર ૭૨૦૩૮૩૬૮૦૮ પર સીધો સંપર્ક કરી શકે છે. આયોજક પરિવાર દ્વારા રાજકોટના તમામ યુવાનો અને સેવાભાવી નાગરિકોને ભાવભીની અપીલ કરવામાં આવી છે કે તમારું રક્તદાન કોઈના પરિવારની અમૂલ્ય ખુશીઓ પાછી લાવી શકે છે, તેથી માનવતાના આ મહા-અભિયાનમાં મોટી સંખ્યામાં જોડાઈને રક્તદાન રૂપી મહાદાન અવશ્ય કરો

# પત્નીનો પ્રેમી ટોમી લઈ મારવા દોડતાં પતિએ રાંદરડા તળાવમાં પડતું મૂકી આપઘાત કર્યો હતો

## પત્નીને જે માસીના પુત્ર સાથે અનૈતિક સંબંધો હતા તેની સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રામાપીરના મંદિર આગળ યુવરાજનગરમાં રહેતા વિપુલ ભરતભાઈ રાઠોડ ઉ.૨૬ને મરવા મજબુર કરવા અંગે સાગરનગરમાં રહેતા તેની પત્નીના કુટુંબી માસીના પુત્ર કિશન ટપુભાઈ સોલંકી સામે આજી ડેમ પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.રવિવારે સવારે વિપુલની રાંદરડા તળાવમાંથી લાશ મળ્યા બાદ પરિવારે હત્યાનો આક્ષેપ કર્યો હતો. જોકે તેને સમર્થન મળ્યું ન હતું. વિપુલે પોતે જ રાંદરડા તળાવમાં ઝંપલાવી આત્મહત્યા કર્યાનું ખુલ્યું હતું મૃતકના માતા રંજનબેનએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેના પુત્ર વિપુલે ૬ વર્ષ પહેલા પાયલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. સંતાનમાં પુત્ર-પુત્રીની પ્રાપ્તી થઈ હતી. તેના પુત્રને પત્ની પાયલને અગાઉ બબલુ સાથે પ્રેમસંબંધ હોવાની જાણ થતાં બંને વચ્ચે ઝઘડા થતા પાયલ બંને સંતાનોને લઈ રિસામણે જતી રહી હતી ત્યાર પછી પાયલને તેની કુટુંબી માસીના પુત્ર કિશન સાથે અનૈતિક સંબંધ હોવાની જાણ થઈ હતી. જેને કારણે તેના પુત્ર વિપુલ અને કિશન વચ્ચે એકાદ માસ પહેલા ઝઘડો થયો હતો. ગઈ તા.૬ના રોજ વિપુલ, કિશનની રિક્ષામાં હતો. તે વખતે બંનેને ફરીથી ઝઘડો થતાં કિશન ટોમી લઈ વિપુલને મારવા પાછળ દોડતાં ડરી ગયેલા વિપુલે રાંદરડા તળાવમાં ઝંપલાવી દીધું હતું આ અંગે જાણ થતાં ફાયર બ્રિગેડે તા.૬ના રોજ રાંદરડા તળાવમાં શોધખોળ કરી હતી બાદ રવિવારે સવારે વિપુલનો મૃતદેહ મળી આવ્યો હતો આજી ડેમ પોલીસે મરવા મજબુર કરનાર કિશન સોલંકીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેવાકીય કાર્યો બદલ ભાવિનભાઈ ખખર અને વિજયબાપુનું સન્માન

» રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાએ અભિનંદન પાઠવી સેવાકીય યોગદાનને બિરદાવ્યું


સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના સ્ટુડિયો શિવના સંચાલક ભાવિનભાઈ ખખર અને જય શ્રી ગોપાલ ટ્રસ્ટના પ્રમુખ તેમજ શ્રી ગેલમોગલ શક્તિપીઠ આશ્રમના મહંત વિજયબાપુનું રાજ્યસભાના સાંસદ અને વાંકાનેરના રાજવી કેસરીદેવસિંહજી ઝાલા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વાંકાનેર ખાતે તેમના કાર્યાલયમાં યોજાયેલી મુલાકાત દરમિયાન કેસરીદેવસિંહજી ઝાલાએ બંનેના વિવિધ સેવાકીય કાર્યોને બિરદાવ્યા હતા. ગરીબ અને નિરાધાર દીકરીઓના સમૂહ લગ્ન, સાધુ-સંતો અને જરૂરિયાતમંદો માટે અન્નક્ષેત્ર સેવા, ગૌશાળા અને ગૌરક્ષા સહિતના સામાજિક કાર્યોમાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી. તાજેતરમાં આણંદ ખાતે “શ્રી રામ જન્મોત્સવ સમિતિ” દ્વારા આયોજિત હિન્દુ ધર્મસભાની સફળતા બદલ પણ કેસરીદેવસિંહજી ઝાલાએ ભાવિનભાઈ ખખરને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં હિન્દુ નેતા ટી. રાજાસિંહ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન ભાવિનભાઈ ખખર અને વિજયબાપુએ કેસરીદેવસિંહજી ઝાલાને આદ્યશક્તિ માંનો ફોટો ભેટ સ્વરૂપે અર્પણ કર્યો હતો. સાથે જ વિજયબાપુએ તેમના ઉજ્જ્વળ ભવિષ્ય અને જનસેવાના કાર્યો માટે શુભાશિષ પાઠવ્યા હતા.

# શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા બુધવારે સંગીત સંધ્યાનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટમાં શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા આગામી ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ બુધવારે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું આયોજન ગ્રુપના આયોજક સોનલબેન ગોરસીયા અને સહ-આયોજક નરેન્દ્રભાઈ રાજાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

આ સંગીત સંધ્યામાં કારાઓકે આધારિત હિન્દી ફિલ્મોના જૂના અને લોકપ્રિય ગીતો, ગુજરાતી ગીતો, ગઝલ, કોમેડી તેમજ ડાન્સિંગ પરફોર્મન્સ રજૂ કરવામાં આવશે. કાર્યક્રમમાં સંગીતરસિકો માટે વિવિધ પ્રકારના મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં નરેન્દ્રભાઈ રાજા, સોનલબેન ગોરસીયા, ચેતનભાઈ પંડ્યા, સંજીવભાઈ વોરા, જયેશભાઈ પોપટ, મહેશભાઈ દેસાઈ, મનસુખભાઈ ડાવેરા, મહેશભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ નથવાણી, ગીતાબેન ગઢવી, શ્યામભાઈ પંડ્યા, નરસિંહ ઝાલા અને મનીષાબેન તેતર સહિતના ગાયકો પોતાની રજૂઆત કરશે.

શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા રાજકોટના વિવિધ કારાઓકે અને સંગીત ગ્રુપના સભ્યો તેમજ સંગીતપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HEXAGON NUTRITION | 05/6 | 09/6 | 42 - 45 | 333 | 14,985 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| GENXAI ANALYTICS | 05/6 | 09/6 | 110 - 116 | 2400 | 2,78,400 |
| UTKAL SPECIALITY INDUSTRIES INDIA | 10/6 | 12/6 | 62 - 66 | 4000 | 2,64,000 |
| SUSAN ELECTRICALS INDIA | 11/6 | 15/6 | 120 - 127 | 2000 | 2,54,000 |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- રેલટેલ કોર્પોરેટ ઓફ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીને હરિયાણા રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન લિ. પાસેથી ચાંદલા ડુંગરવાસ અને પચગાંવ હોલ્ટ સ્ટેશન સહિત ધુલાવત માનેસર ન્યુ પાટલી સેક્શનના એસએન્ડટી અને સંગલગ્ન કાર્યોની ડિઝાઈન એસઆઈટીસી માટે સ્વીકૃત પત્ર મળ્યો છે. ઓર્ડરનું મૂલ્ય રૂ.૮૨,૦૪,૩૮,૯૧૨ છે.
- ગુજરાત ઈનજેક્ટ (કેરાલા) લિ.એ જણાવ્યું છે કે કંપનીને ઓટીટાયર લાઈફસ્ટાઈલ પ્રા. લિ. પાસેથી ૧૩૩૪ સોલાર પીવી મોડ્યુલ ૬૦૦ ડબ્લ્યુપી માટે ખરીદ ઓર્ડર મળ્યો છે. ઓર્ડરનું મૂલ્ય રૂ.૧.૦૭ કરોડ છે.
- જેએસડબ્લ્યુ એનર્જી લિ.એ ગુજરાતના હાલોલ ખાતે તેનો વિન્ડ બ્લેડ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સફળતાપૂર્વક શરૂ કર્યો છે.
- રેલ વિકાસ નિગમ લિ.ને સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ રેલ્વે પાસેથી રૂ.૨૨૧ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ કેનેડા લાઈફ (અગ્રણી વૈશ્વિક લાઈફ અને પેન્શન ઈન્સ્યુરર) સાથે બહુ-વર્ષીય ટ્રાન્સફોર્મેશન અને મેનેજડ સર્વિસીસ માટે માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારી તેના યુરોપિયન બિઝનેસમાં કેનેડા લાઈફની આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસીસના આધુનિકીકરણને ટેકો આપશે.
- લુપિન લિ.એ જણાવ્યું છે કે કંપનીએ સ્પેનમાં પુખ્ત વયના અસ્થમા અને ક્રોનિક ઓબ્સટ્રક્ટિવ પલ્મોનરી રોગની સારવાર માટે લેબોરેટરિયસ ઈઆરએન એસ.એ. (ઈઆરએન) (એક સુસ્થાપિત સ્પેનિસ ફાર્માસ્યુટિકલ કંપની) સાથેના સહયોગમાં લ્યુફોર્બેક (બેક્લોમેટાસન/ફોરમેટેરોલ) ૧૦૦/૬, પ્રેશરાઈઝ્ડ મીટર્ડ ડોઝ ઈન્હેલરમાં એક ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન લોન્ચ કરવાની જાહેરાત કરી છે.
- ડાયનાકોન્સ સિસ્ટમ્સ એન્ડ સોલ્યુશન્સ લિ.ને સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી રૂ.૧૨૫.૮૮ કરોડનો ઓર્ડર મળ્યો છે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

## મોરબી કોર્પોરેશનની પ્રથમ સંકલન બેઠકમાં જ કમિશનર એક્શન મોડમાં

# મહિલા કોર્પોરેટરોના પતિદેવોનો હસ્તક્ષેપ નહીં ચલાવાય, વહીવટથી દૂર રહેવા કમિશનરનું કડક સૂચન



## ફોન કે મૌખિક સૂચનાઓ બંધ કરો, હવે માત્ર ઓનલાઈન ફરિયાદ જ સ્વીકારાશે

### કમિશનર સંગીતા રૈયાણીની કડક સૂચના, 52માંથી માત્ર 35 નગરસેવકો જ હાજર રહ્યા







**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી મહાનગરપાલિકાની રચનાના ૧.૫ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ આખરે સત્તાના સૂત્રો સંભાળનારી ચૂંટાયેલી પાંખની પ્રથમ બેઠકમાં જ મ્યુનિસિપલ કમિશનર સંગીતા રૈયાણીએ પોતાનો આકરો અને શિસ્તબદ્ધ મિજાજ બતાવ્યો છે. સોમવારે યોજાયેલી સંકલન બેઠકમાં કમિશનરે કોઈની પણ શેહશરમ કે રાજકીય દબાણ રાખ્યા વિના વહીવટમાં સંપૂર્ણ પારદર્શકતા લાવવા કડક આદેશો જારી કરતા પાલિકાના વર્તુળોમાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે.

નગરસેવકોની ગંભીર બેદરકારી અને કામ પ્રત્યેની ઉદાસીનતા બેઠકના આયોજનમાં જ છતી થઈ હતી. નિર્ધારિત સમય કરતાં ૧ કલાક મોડી શરૂ થયેલી આ બેઠકમાંથી કેટલાક નગરસેવકો કંટાળીને કે પોતાની જવાબદારીમાંથી છટકીને ચાલ્યા જતાં કુલ ૫૨ માંથી માત્ર ૩૫ સભ્યો જ હાજર રહ્યા હતા. લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો આ રવૈયો તેમની ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારીની ચાડી ખાય છે.

આ બેઠકમાં સૌથી મોટો અને આક્રમક સપાટો મહિલા નગરસેવકોના 'પતિદેવો' પર બોલાવવામાં આવ્યો છે. વર્ષોથી કોર્પોરેશનમાં ચાલતી પ્રોક્સી રાજનીતિને ડામવા કમિશનરે મહિલા કોર્પોરેટરોને રોકડા શબ્દોમાં સુણાવી દીધું હતું કે, "ચૂંટણી તમે જીત્યા છો, એટલે કોઈપણ કામ કે ભલામણ માટે તમારે જ આવવું પડશે. વહીવટી પ્રક્રિયામાં તમારા પતિઓનો કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કે દખલગીરી જરા પણ ચલાવી લેવામાં આવશે નહીં." કમિશનરની આ બેધડક ચીમકીથી રબર સ્ટેમ્પ બનીને રહેતી મહિલા કોર્પોરેટરો અને પડદા પાછળથી સત્તા ભોગવતા તેમના પતિઓમાં ભારે સન્નાટો છવાઈ ગયો હતો.

શહેરની લાઈટ, પાણી, ભૂગર્ભ ગટર અને સફાઈ જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓના નામે અત્યાર સુધી ચાલતો હાલક-ડોલક અને લાગવગશાહી વાળો વહીવટ પણ હવે સદંતર બંધ કરવામાં આવ્યો છે. કમિશનરે સ્પષ્ટ તાકીદ કરી છે કે ફોન પર અપાતી મૌખિક સૂચનાઓ અને વગદાર લોકોની ભલામણો હવે કચરાપેટીમાં જશે. કોઈપણ કામ કરાવવા માટે માત્ર ઓનલાઈન ફરિયાદ જ નોંધાવવી પડશે, જેથી કામનો સત્તાવાર રેકોર્ડ જળવાય. ત્યારબાદ નિયમ અને લોકોની જરૂરિયાત મુજબ પારદર્શક રીતે અગ્રતા ક્રમ નક્કી કરીને જ કામગીરી કરવામાં આવશે, જેથી વીઆઈપી કલ્ચરનો અંત આવે.

આ કડક માહોલ વચ્ચે નવનિયુક્ત મેયર ઉત્તમ સુરાણીએ પણ શહેરના સર્વાંગી વિકાસ અને મોરબીને આધુનિક સ્માર્ટ સિટી બનાવવા માટે ભાર મૂક્યો હતો. તેમણે તમામ ચૂંટાયેલા સભ્યો અને અધિકારીઓને આંતરિક રાજકીય મતભેદો બાજુ પર મૂકીને, એક સંગઠિત ટીમ તરીકે સચોટ અને પરિણામલક્ષી કામગીરી કરવા અપીલ કરી હતી.